RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

Volume : 10
Issue : 129
Dt.: 16-03-2026,
Monday
Page:04
Rs.00.50 paisa



નવસર્જન સંસ્કૃતિ

# નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

ભાજપે સુપરસ્ટાર વિજયને આપી મોટી ઓફર

# તમિલનાડુ વિધાનસભા ચૂંટણી નજીક આવતા જ રાજ્યનું રાજકારણ ગરમાયું

(સંપૂર્ણ સમાચાર સેવા)ચેન્નાઈ

તમિલનાડુ વિધાનસભા ચૂંટણી ૨૦૨૬ નજીક આવતા જ રાજ્યનું રાજકારણ ગરમાયું છે. લેટેસ્ટ મીડિયા રિપોર્ટ્સ અનુસાર, અભિનેતામાંથી નેતા બનેલા વિજયની પાર્ટી તમિલગા વેટ્રી કડગમ (TVK) અને ભાજપ (BJP) વચ્ચે ગઠબંધન માટેની વાતચીત અંતિમ તબક્કામાં હોવાનું મનાઈ રહ્યું છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ભાજપે વિજયને NDAમાં સામેલ કરવા માટે એક આકર્ષક ઓફર આપી છે. ભાજપે વિજયની પાર્ટીને ગઠબંધનમાં ૮૦ બેઠકો આપવાની તૈયારી દર્શાવી છે. વિજયને રાજ્યના ડેપ્યુટી ચીફ મિનિસ્ટર (ઉપમુખ્યમંત્રી) બનાવવાનો પ્રસ્તાવ પણ મૂકવામાં આવ્યો હોવાના અહેવાલ છે. જો કે, અહેવાલો મુજબ વિજય પોતે મુખ્યમંત્રી પદની ઈચ્છા ધરાવે છે, જેના કારણે હાલ વાટાઘાટોમાં મામલો સમજાઈ રહ્યા છે. તમિલનાડુના રાજકારણમાં વિજયની વિશાળ ફેન ફોલોઈંગ ભાજપ માટે નિર્ણાયક સાબિત થઈ શકે છે.

ભાજપના વ્યૂહરચનાકારો માને છે કે, રાજ્યમાં માત્ર ૨% મતોનો તફાવત પણ હાર-જીતનું ચિત્ર બદલી શકે છે. વિજયને સાથે રાખીને ભાજપ રાજ્યમાં મજબૂત પકડ બનાવવા માંગે છે. આ માટે ભાજપ અન્ય એક રાજ્યના ડેપ્યુટી CM દ્વારા મધ્યસ્થી પણ કરાવી રહ્યું હોવાનું ચર્ચાઈ રહ્યું છે. બીજી તરફ, ભાજપ સાથે જોડાવાના સમાચારથી વિજયના અંગત સલાહકારો ચિંતિત છે. તેમને ડર છે કે, રાષ્ટ્રીય પક્ષ સાથે જોડાવાથી TVKની સ્વતંત્ર છબી ખરડાઈ શકે છે. વિજયે પોતાની પાર્ટીને તમિલનાડુમાં ત્રીજા વિકલ્પ તરીકે રજૂ કરી છે, જે નેરેટિવ ગઠબંધનથી નબળો પડી શકે છે. હવે જોવાનું એ રહેશે કે વિજય ભાજપની આ ઓફર સ્વીકારીને સત્તાના સમીકરણોમાં જોડાય છે કે પછી એકલા હાથે ચૂંટણી લડવાનો નિર્ણય કરે છે.

દૂતાવાસે મદદ માટે માન્યો આભાર

## યુદ્ધની વચ્ચે ભારતીયોની દરિયાદિલીથી ઈરાન ગદગદ

### ઈરાન પર સંકટના સમયે ભારતીયોએ યોગદાનની રકમ ઈરાન દૂતાવાસના બેંક ખાતામાં જમા કરાવી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઈરાન હાલ યુદ્ધની સ્થિતિ વચ્ચે ઝઝૂમી રહ્યું છે, ત્યારે ભારતીયોએ પોતાની દરિયાદિલી બતાવી છે. યુદ્ધ વચ્ચે ભારતીયોએ મોટી સંખ્યામાં ઈરાનને મદદ માટે યોગદાન આપતા ઈરાન ગદગદ થયું છે. આ મામલે ઈરાનના દૂતાવાસે ભારતના લોકોનો આભાર વ્યક્ત કર્યો છે.

અમેરિકા ઈરાન યુદ્ધની સ્થિતિ દરમિયાન ઈરાન પર સંકટના સમયે ભારતીયોએ યોગદાનની રકમ ઈરાન દૂતાવાસના બેંક ખાતામાં જમા કરાવી છે. માનવતા દાખવી મદદરૂપ થનારા તમામ ભારતીયોનો દૂતાવાસે દીલથી આભાર માન્યો હતો. આ અંગે દૂતાવાસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ મૂકી જાણકારી આપી હતી.

ઈરાની દૂતાવાસે ફંડ મોકલતી વખતે ટ્રાન્ઝેક્શનમાં કોઈ સમસ્યા ન સર્જાય તેને લઈને નવી ગાઈડલાઈન્સ જાહેર કરી છે. દૂતાવાસે સ્પષ્ટતા કરી છે કે, યોગદાન મેળવવા માટે તેમનું બેંક ખાતું સંપૂર્ણપણે કાર્યરત છે. આમ, કોઈ પણ વ્યક્તિ બેંક ખાતામાં સીધું ફંડ ટ્રાન્સફર કરી શકે છે.

ડિજિટલ પેમેન્ટને લઈને દૂતાવાસે સ્પષ્ટતા કરી જણાવ્યું કે, ગૂગલ પે કામ કરતું ન હોવાથી તેમણે લોકોને તેનો ઉપયોગ ન કરવાની સલાહ આપી છે. તેમજ UPI થકી પણ પેમેન્ટ કરવાની સુવિધા નથી. દૂતાવાસે જણાવ્યું કે, UPIના પેમેન્ટના વિકલ્પની વ્યવસ્થા હાલમાં કરવામાં આવી રહી છે. ઈરાનના દૂતાવાસે જણાવ્યું કે, જો યોગદાન મોકલવામાં કોઈ તકલીફ પડી રહી હોય તો લોકો અન્ય કોઈ બેંક ખાતાનો ઉપયોગ કરીને ફંડ મોકલી શકે છે અથવા તો થોડા સમય બાદ ફરીથી કોશિશ કરી શકે છે. આ સાથે, જાહેર કરાયેલા મોબાઈલ નંબર પર મેસેજ મોકલવા દૂતાવાસે અપીલ કરી છે.

સ્પોન્સર સ્ટાફ અને ફેન્સની વચ્ચે થયો ઝઘડો

## હની સિંહનાં દિલ્હી કોન્સર્ટમાં ભારે અફરાતફરી મચી ગઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સિંગર-રેપર યો યો હની સિંહે શનિવારના રોજ એટલે કે ૧૪ માર્ચે દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ડોર સ્ટેડિયમમાં માઈ ચેપ્ટર ઈન્ડિયન ટૂર શરૂ કરી. કોન્સર્ટના અનેક વીડિયોમાં હની સિંહનું જોરદાર પરફોર્મન્સ જોવા મળી રહ્યું છે જેમાં તેનો દેસી કલાકાર, બ્લૂ સાઈઝ, સની સની, લુંગી ડાન્સ, મિલિયનેર, ડોપ શોપ અને બ્રાઉન રંગ જેવા હિટ ગીતો ગાયા. પરંતુ કોન્સર્ટની વચ્ચે અચાનક એવું કંઈક થયું કે જેના કારણે અફરાતફરી મચી ગઈ. મળતી માહિતી અનુસાર ફેન્સ અને શોની સ્પોન્સર ટીમના સભ્યો વચ્ચે કોઈ વાતને લઈને ઝઘડો થયો છે. આ દરમિયાનનો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે. હની સિંહની દિલ્હી કોન્સર્ટમાં થયેલા ઝઘડાનો વીડિયો એક પત્રકારે તેમના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર શેર કર્યો છે. આ વીડિયોમાં હની સિંહના કોન્સર્ટ દરમિયાન સ્પોન્સર સ્ટાફ અને કેટલાક દર્શકોની વચ્ચે જબરજસ્ત ઝઘડો થતો જોવા મળી રહ્યો છે. આટલું જ નહીં વીડિયોમાં તમે જોઈ શકો છો કે લોકો એકબીજાને મારે પણ છે. જો કે આ બધું થયું હોવા છતાં હની સિંહે તેનું પરફોર્મન્સ બંધ ન કર્યું.ખબરો અનુસાર હની સિંહની કોન્સર્ટમાં થયેલા ઝઘડાને શાંત કરવા માટે દિલ્હી પોલીસ પહોંચી અને તરત હાલતને કંટ્રોલમાં કરી. જ્યારે અનેક સુરક્ષાકર્મીઓએ ઝઘડાને શાંત કરવામાં મદદ કરી આ કારણે વાત વધારે બગડી નહીં. જો કે આ વાતને લઈને અત્યાર સુધીમાં કોઈ ઓફિશિયલી નિવેદન સામે આવ્યું નથી. દિલ્હી પછી હની સિંહ ૨૧ માર્ચના રોજ અમદાવાદમાં પરફોર્મ કરશે. ત્યારબાદ ૨૮ માર્ચના રોજ મુંબઈ, ૪ એપ્રિલ પુણે, ૧૧ એપ્રિલ કોટા, ૨૫ એપ્રિલ ઈન્દોર, ૨ મે લખનઉ, ૯ મે કોલકાતામાં પરફોર્મ કરશે. આમ, ૧૬ મેના રોજ બેંગલુરુ ટૂરથી સમાપન કરશે.

અકસ્માતમાં ૭ લોકોના કરૂણ મોત

## નેપાળમાં ભારતીય યાત્રાળુઓને લઈ જતી બસ ખાઈમાં પલટી ગઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)કાઠમંડુ,

નેપાળમાંથી અત્યારે એક મોટા દુર્ઘટનાના સમાચાર સામે આવી રહ્યા છે. અહીં ભારતીય શ્રદ્ધાળુઓને લઈને જઈ રહેલી એક બસ ખાઈમાં પલટી ગઈ છે. આ અકસ્માત મધ્ય નેપાળ વિસ્તારમાં થયો છે. મળતી માહિતી મુજબ, આ અકસ્માતમાં સાત લોકોના મોત થયા છે, જ્યારે અન્ય ઘણા લોકો ઘાયલ થયા છે. પોલીસે આ અકસ્માત અંગે માહિતી આપી છે. પોલીસનું કહેવું છે કે માહિતી મળતાની સાથે જ રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. હાલમાં ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. પોલીસ આ મામલે તપાસ કરી રહી છે.

માહિતી અનુસાર, નેપાળના મધ્ય વિસ્તારમાં ભારતીય તીર્થયાત્રીઓને લઈ જઈ રહેલી એક પેસેન્જર બસ દુર્ઘટનાગ્રસ્ત થઈ ગઈ છે. આ અકસ્માતમાં સાત લોકોના મોત થયા છે. આ ઉપરાંત અન્ય સાત લોકો પણ ઘાયલ હોવાનું જણાવાઈ રહ્યું છે. પોલીસે જણાવ્યું કે આ ઘટના શનિવારે નેપાળના ગંડકી પ્રાંતમાં બની હતી. પોલીસના જણાવ્યા અનુસાર, તીર્થયાત્રીઓને લઈ જતી એક બસ મનકામના મંદિરથી પરત ફરી રહી હતી. આ દરમિયાન ગોરખા જિલ્લામાં બસ અચાનક અનિયંત્રિત થઈ ગઈ અને રસ્તાની નીચે ખાઈમાં પડી ગઈ. ગોરખા જિલ્લાના જિલ્લા ટ્રાફિક પોલીસ કાર્યાલયના વડા સૂરજ આર્યાલે જણાવ્યું કે મૃતકોમાં બે મહિલાઓ અને પાંચ પુરુષોનો સમાવેશ થાય છે. તેમણે જણાવ્યું કે તમામ મૃતકો ભારતીય નાગરિકો છે.

જિલ્લા પોલીસ કાર્યાલયના વડા ભરત બહાદુર બીકેએ જણાવ્યું કે આ અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકોની ઓળખ મુથુ કુમાર (૫૮), અનામલિક (૫૮), મીનાક્ષી (૫૯), શિવગામી (૫૩), વિજયલ (૫૭), મીના (૫૮) અને તમિલારસી (૬૦) તરીકે કરવામાં આવી છે. કાઠમંડુ પોસ્ટના રિપોર્ટ અનુસાર, સાત અન્ય ઘાયલ મુસાફરોને બચાવી લેવામાં આવ્યા છે. તમામ ઘાયલ વ્યક્તિઓને આંબુખૈરેનીની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. હિમાલયન ટાઈમ્સના અહેવાલ મુજબ, ઈલેક્ટ્રિક બસનો ડ્રાઈવર આબાદ બચી ગયો છે, જ્યારે તેનો સહાયક આ અકસ્માતમાં ઘાયલ થયો છે. પોલીસનું કહેવું છે કે મામલાની તપાસ કરવામાં આવી રહી છે.

## લોરેન્સ બિશ્નોઈ ગેંગે બાદશાહને આપી જાનથી મારી નાખવાની ધમકી

(સંપૂર્ણ સમાચાર સેવા)ચંદીગઢ

પ્રખ્યાત સિંગર બાદશાહને લોરેન્સ બિશ્નોઈ ગેંગ દ્વારા જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી છે. બિશ્નોઈ ગેંગે એક નોટ જાહેર કરી છે, જેમાં તેમણે પાણીપતમાં થયેલી ફાયરિંગની ઘટનાની જવાબદારી સ્વીકારી છે અને સિંગર બાદશાહને કપાળમાં ગોળી મારવાની ધમકી આપી છે. લોરેન્સ બિશ્નોઈ ગેંગની પોસ્ટમાં લખ્યું છે કે, જય મહાકાલ, જય શ્રીરામ. રામ-રામ બધા ભાઈઓને. આજે અસંધ રોડ, પાણીપતમાં વેસ્ટર્ન યુનિયન (હવાલા કારોબાર) સાથે જોડાયેલા ગેરી અને શેંકીની ઓફિસ પર જે ફાયરિંગ થયું છે, તેની જવાબદારી હું રનદીપ મલિક અને અનિલ પંડિત (USA) લઉં છું. આ લોકો હવાલા દ્વારા દેશના પૈસા વિદેશ મોકલીને દેશની અર્થવ્યવસ્થાને નુકસાન પહોંચાડી રહ્યા હતા. અમે તેમને પહેલા ફોન કરીને ચેતવણી પણ આપી હતી, પરંતુ તેમને સમજાયું નહીં. નોટમાં આગળ જણાવાયું છે કે, આજની ઘટના માત્ર એક ટ્રેલર છે, આખું પિક્ચર હજુ બાકી છે. જે કોઈ પણ લોકો હવાલાનું કામ કરે છે, તેઓ સમય રહેતા સુધરી જાય, નહીં તો તેમનું પરિણામ ખૂબ જ ખરાબ આવશે. સિંગર બાદશાહ, તેં હરિયાણાની સંસ્કૃતિને બગાડવાનો પ્રયાસ કર્યો છે. ૨૦૨૪માં તારા ક્લબમાં તને ટ્રેલર બતાવ્યું હતું, આગલી વખતે સીધી તારા કપાળમાં ગોળી મારીશું. વાસ્તવમાં, સિંગર અને રેપર બાદશાહને લોરેન્સ બિશ્નોઈ ગેંગ તરફથી આપવામાં આવેલી ધમકી પાછળ એક હરિયાણવી ગીત સાથે જોડાયેલો વિવાદ છે. થોડા દિવસો પહેલા જ તેમનું નવું હરિયાણવી ગીત ટટિહરી (Tatihari) રિલીઝ થયું હતું, જેના પર હોબાળો મચી ગયો છે. વિવાદ એટલો વધી ગયો છે કે તેમની ધરપકડની માંગ કરવામાં આવી રહી છે. હરિયાણા મહિલા આયોગે પણ બાદશાહ વિરુદ્ધ કાર્યવાહી કરી છે અને તેમની ધરપકડ કરવાનો આદેશ જાહેર કર્યો છે. ગીતને લઈને વિવાદ વધતા બાદશાહે માફી માંગી હતી. તેમણે ઈન્સ્ટાગ્રામ પર એક વિડિયો શેર કરીને કહ્યું હતું કે, તેમનો ઈરાદો કોઈની લાગણીઓને ઠેસ પહોંચાડવાનો નહોતો. માફી માંગવાની સાથે તેમણે એમ પણ જણાવ્યું હતું કે આ ગીતને દરેક પ્લેટફોર્મ પરથી હટાવી લેવામાં આવ્યું છે.

## કોમેડિયન ઝાકિર ખાન લીલાવતી હોસ્પિટલમાં દાખલ

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

જ્યારથી પ્રખ્યાત સ્ટેન્ડ-અપ કોમેડિયન ઝાકિર ખાને એવી જાહેરાત કરી છે કે તેઓ થોડા વર્ષોનો બ્રેક લઈ રહ્યા છે, ત્યારથી તેમના ચાહકો ખૂબ જ પરેશાન અને દુઃખી હતા. ત્યારબાદ કોમેડિયને પોતે જ જણાવ્યું હતું કે કોઈએ પરેશાન થવાની જરૂર નથી, તેઓ બિલકુલ ઠીક છે. પરંતુ હવે હાલમાં જ ઝાકિરનો એક એવો વીડિયો સામે આવ્યો છે, જેને જોઈને ચાહકો ફરી એકવાર ચિંતિત થઈ ગયા છે.વાસ્તવમાં, ઝાકિર ખાન હાલમાં મુંબઈની લીલાવતી હોસ્પિટલમાં દાખલ છે. ત્યાંથી તેમનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. થોડા દિવસો પહેલા ઝાકિર ખાનના ભાઈ અરબાઝે પોતાના રમઝાન વ્લોગમાં હોસ્પિટલની ઝલક બતાવી હતી, જેમાં ઝાકિર ખાન હોસ્પિટલના પહેરવેશમાં જોવા મળે છે. આ દરમિયાન તેઓ ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેનો વર્લ્ડ કપ ફિનાલે મેચ જોઈ રહ્યા છે. બસ, આ વીડિયો જોઈને સોશિયલ મીડિયા પર લોકો કોમેડિયનની તબિયતને લઈને ચિંતિત થઈ ગયા છે. વીડિયોમાં અરબાઝ ઝાકિરને પૂછે છે કે હવે કેવું લાગે છે, તો ઝાકિર જવાબમાં કહે છે, અત્યારે મેચ ફસાયેલી છે. અરબાઝના આ વીડિયોને જોઈને સોશિયલ મીડિયા પર ખળભળાટ મચી ગયો છે.

## અમેરિકા-ઈરાન વચ્ચેના યુદ્ધમાં ફસાયો ત્રીજો દેશ

(સંપૂર્ણ સમાચાર સેવા)ઈરાક,

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા યુદ્ધ વચ્ચે ઈરાક એવી સ્થિતિમાં ફસાઈ ગયું છે, જ્યાં તેને બંને તરફથી થઈ રહેલા હુમલાઓનો સામનો કરવો પડી રહ્યો છે. એક તરફ ઈરાન અને તેના સમર્થિત મિલિશિયા જૂથો અમેરિકન ઠેકાણાઓ અને હિતો પર હુમલા કરી રહ્યા છે, તો બીજી તરફ અમેરિકા પણ આ હુમલાના જવાબમાં ઈરાકની અંદર આવેલા મિલિશિયા ઠેકાણાઓને નિશાન બનાવી રહ્યું છે. આના કારણે ઈરાક ધીરે ધીરે એક મોટા સંકટ તરફ આગળ વધી રહ્યું હોય તેવા ભણકારા થઈ રહ્યા છે.

૨૮ ફેબ્રુઆરીએ અમેરિકા અને ઈઝરાયલ દ્વારા ઈરાન પર મોટા પાયે હુમલા શરૂ કરવામાં આવ્યા બાદ સમગ્ર વિસ્તારમાં તણાવ વધી ગયો છે. ત્યારબાદ ઈરાન અને તેની સાથે જોડાયેલા સંગઠનોએ અનેક જગ્યાએ વળતી કાર્યવાહી શરૂ કરી દીધી છે. આ ભીષણ ટક્કરની સીધી અસર હવે ઈરાકમાં જોવા મળી રહી છે.

યુદ્ધ શરૂ થયા પછી ઈરાકમાં અમેરિકન સૈન્ય મથકો, દૂતાવાસો અને ઉર્જા સાથે જોડાયેલા માળખાઓને નિશાન બનાવવામાં આવ્યા છે. રાજધાની બગદાદ અને ઉત્તરી શહેર ઈરબિલના એરપોર્ટની આસપાસ પણ ડ્રોન અને મિસાઈલ હુમલાની ઘટનાઓ સામે આવી છે.





અમેરિકામાં ગ્રીન કાર્ડ મેળવવા નકલી લૂંટનો કેસ

## અમેરિકાની નાગરિકતા મેળવવા માટે ફેક લૂંટ ચલાવનાર ૧૧ ગુજરાતીની ધરપકડ

### ફેક લૂંટ ચલાવીને પોતાને જ તેના પીડિત કહેનાર ૧૧ ગુજરાતીઓની એફબીઆઈ દ્વારા ધરપકડ કરાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકાનું ગ્રીન કાર્ડ મેળવવા માટે લોકો કેવા કેવા તરકટ રચે છે તેનું વધુ એક ઉદાહરણ સામે આવ્યું છે. ફેક લૂંટ ચલાવીને પોતાને જ તેના પીડિત કહેનાર ૧૧ ગુજરાતીઓની એફબીઆઈ દ્વારા ધરપકડ કરવામાં આવી છે, આ ૧૧ લોકો જેલ સહિત આશરે ૨ કરોડ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યાં છે. જાણીએ આખરે સમગ્ર મામલો શું છે.

અમેરિકામાં ગ્રીન કાર્ડ મેળવવા નકલી લૂંટનો કેસ સામે આવ્યો છે. લૂંટનો કારસો રચનારા ૧૧ ગુજરાતીઓની ધરપકડ કરવામાં આવી છે. FBI એ અલગ અલગ જગ્યાએથી ૧૧ ગુજરાતીઓની ધરપકડ કરી છે. આરોપીઓએ ગ્રીન કાર્ડ મેળવવા દુકાનમાં નકલી લૂંટ કરાવી હતી.

અલગ અલગ રાજ્યોમાં ગ્રીનકાર્ડ માટે તેઓએ દુકાનમાં લૂંટની ઘટનાનું ક્રિએશન કર્યું અને પોતે તેના ભોગ બન્યાં હોય તેવું કહીને પોલીસને લૂંટની ફરિયાદ કરી. જો કે સમગ્ર ઘટનામાં સત્ય સામે આવતા પોલીસે ૧૧ ગુજરાતી ફરિયાદીને જ આરોપી બનાવીને તેમની ધરપકડ કરી છે. આ તમામ પર આરોપ છે કે તેમણે યુ-વિઝા અને ગ્રીન કાર્ડ મેળવવા માટે દુકાનોમાં બનાવટી લૂંટનુ કાવતરુ ઘડયું હતું, આરોપીઓએ અમેરિકાના વિવિધ રાજ્યોમાં સ્ટોર અને દારુની દુકાનો પર બનાવટી હથિયારબંધ લૂંટ કરાવી હતી. આ માટે તેને લૂંટારૂને ભાડા પર પૈસા આપીને આવું કરવા માટે ખરીદ્યાં હતા. જો કે પોલીસને ૧૧ ગુજરાતીઓનું તરકટ સમજાયું અને આખરે ૧૧ ગુજરાકતીઓ જેલના હવાલે થવું પડુયું. આ ગુજરાતી પર જેલ સાથે ૨ કરોડ રૂપિયાથી વધુ દંડ થઈ શકે છે.

ઉલ્લેખનિય છે કે, અમેરિકી કાયદા પ્રમાણે U-VISA એવા લોકોને મળે છે, જેઓ અન્ય દેશના નાગરીક છે, પરંતુ અમેરિકાની જમીન પર કોઈ અપરાધનો શિકાર બન્યા હોય અને પોલીસને તપાસમાં મદદ કરી હોય. તો આવા લોકોને ગ્રીનકાર્ડ મળવું સરળ બની જાય છે. આ ૧૧ ગુજરાતીઓએ આ કાયદાનો દુરૂપયોગ કર્યો અને આ કાયદાનો લાભ લેવા માટે પોતે લૂંટના પીડિત હોય તેવું ફેક લૂંટનું નાટક કરીને સાબિત કર્યું પરંતુ આખરે સત્ય બહાર આવ્યું અને FBIએ ૧૧ને જેલ હવાલે કરી દીધા છે. ધરપકડ કરાયેલા ૧૧ લોકોમાં જિતેન્દ્ર કુમાર પટેલ (ઉં. ૩૯), મહેશ કુમાર પટેલ (ઉં. ૩૬), સંજય કુમાર પટેલ (ઉં. ૪૫), દીપિકાબેન પટેલ (ઉં. ૪૦), રમેશભાઈ પટેલ (ઉં. ૫૨), અમિતાબેન પટેલ (ઉં. ૪૩), રૌનક કુમાર પટેલ (ઉં. ૨૮), સંગીતાબેન પટેલ, મિંકેશ પટેલ, સોનલ પટેલ, મિતુલ પટેલ વગેરેનો સમાવેશ થાય છે.

# તંત્રી લેખ......

## નફાખોરી અને ધમાલનો ત્રાસ ઓછો થયો નથી

યુએસ, ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના યુદ્ધને કારણે ઉર્જા પુરવઠા સંકટ ઉભરી આવતાની સાથે જ દેશમાં એલપીજી સિલિન્ડરનો સંગ્રહ અને કાળાબજાર શરૂ થયો તે આશ્ચર્યજનક નથી. સરકારે આને રોકવા માટે આવશ્યક ચીજવસ્તુઓનો કાયદો લાગુ કર્યો હોવા છતાં, સંગ્રહખોરો અને નફાખોરોની ધમાલ ઓછી થઈ હોય તેવું લાગતું નથી. આનો પુરાવો એ છે કે તેમની સામે દરોડા દરમિયાન, ઘણા શહેરોમાં એલપીજી સિલિન્ડરનો સંગ્રહ અને કાળાબજાર કરનારા લોકો પકડાયા હતા. ઘણા લોકોએ ગુપ્ત રીતે ડઝનબંધ એલપીજી સિલિન્ડરનો સંગ્રહ કર્યો હતો. તેમાં કેટલાક રાજકારણીઓ અને અન્ય પ્રભાવશાળી લોકોનો સમાવેશ થતો હતો. તેવી જ રીતે, એલપીજી સિલિન્ડરો વધુ પડતા ભાવે વેચતા નફાખોરોની ગણતરી કરવી મુશ્કેલ છે. આવા વ્યક્તિઓની પ્રવૃત્તિઓનું એક કારણ સંબંધિત અધિકારીઓ અને પોલીસની મિલીભગત છે. તેઓ પણ હત્યા કરે છે, જેનાથી જનતા અને સરકારની મુશ્કેલીઓમાં વધારો થાય છે. કોઈપણ કટોકટી દરમિયાન આપણા દેશમાં આવશ્યક ચીજવસ્તુઓનો સંગ્રહખોરી અને કાળાબજાર ખૂબ જ સામાન્ય છે. કોવિડ રોગચાળા દરમિયાન, જ્યારે આખો દેશ કટોકટીમાં હતો, ત્યારે કેટલીક દવાઓ સહિત ઘણી આવશ્યક ચીજવસ્તુઓનું કાળાબજાર પણ જોવા મળ્યું હતું. એ પણ કોઈ રહસ્ય નથી કે ડુંગળી, ખાતર અને અન્ય ચીજવસ્તુઓનો સંગ્રહખોરી અહીં થાય છે. એકમાત્ર હેતુ નફાખોરી છે.

એવું લાગે છે કે કેટલાક લોકો હંમેશા કોઈ વસ્તુના ઉત્પાદન અથવા પુરવઠામાં અછતની શોધમાં હોય છે, જેથી તેઓ પોતાને સંગ્રહખોર અને નફાખોરમાં પરિવર્તિત કરી શકે. આવા લોકો જે આપત્તિને વ્યવસાયમાં ફેરવે છે તેઓને સભ્ય સમાજના દુશ્મન ગણી શકાય. નૈતિકતા અને નૈતિકતાના અભાવે સંગ્રહખોરી અને કાળાબજાર એક સામાજિક દુષણ બની ગયું છે, તેથી એલપીજી સિલિન્ડરોનો સંગ્રહખોરી અને કાળાબજાર કરનારાઓ સામે માત્ર જોરદાર ઝુંબેશ શરૂ કરવી જ નહીં, પરંતુ તેમને કડક સજા પણ આપવી જરૂરી છે. આવશ્યક ચીજવસ્તુઓના કાયદામાં સંગ્રહખોરી અને કાળાબજારમાં સામેલ લોકો માટે ત્રણ મહિનાથી સાત વર્ષ સુધીના દંડ અને કેદની જોગવાઈ છે. જોકે, કેટલા નફાખોરોને સાત વર્ષની સજા મળે છે? મોટાભાગના લોકો નાના દંડ ભરીને અથવા તો ગુનેગાર દ્વારા સજાથી બચી જાય છે. આવા વ્યક્તિઓને એટલી કડક સજા કરવી યોગ્ય રહેશે કે તે ઉદાહરણ તરીકે કામ કરે. ગંભીર કિસ્સાઓમાં, સંગ્રહખોરો સામે રાષ્ટ્રીય સુરક્ષા કાયદા હેઠળ કાર્યવાહી થવી જોઈએ, અને તેમની મિલકત પણ જપ્ત કરવી જોઈએ. આનાથી આ નફાખોરોને હોશ આવશે અને તેઓ સંગ્રહખોરી કરવાથી દૂર રહેશે.

વર્ષ ૨૦૩૬ના ઓલિમ્પિકમાં ગુજરાતના ખેલાડીઓ મેડલ ટેલીમાં ટોપ-૧૦ માં આવે તેવો સરકારનો લક્ષ્યાંક

# વિશ્વ મહિલા દિવસ નિમિત્તે અમદાવાદમાં સ્પોર્ટ્સ જર્નાલિસ્ટ્સ એસોસિએશન ઓફ ગુજરાત દ્વારા મહિલા રમતવીરોનું ભવ્ય સન્માન

### મહિલા રમતવીરોની સહભાગીદારીથી અને ખેલ મહાકુંભથી રમતગમત ક્ષેત્રે આવેલ ક્રાંતિ ગુજરાત માટે ગૌરવની વાત: SAG ડિરેક્ટર જનરલ શ્રી આઈ. આર. વાળા










સ્પોર્ટ્સ જર્નાલિસ્ટ્સ એસોસિએશન ઓફ ગુજરાત (SJAG) દ્વારા વિશ્વ મહિલા દિવસ ૨૦૨૬ની ઉજવણીના ભાગરૂપે રમતગમત ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાન કરનાર મહિલા શક્તિને સન્માનિત કરવા માટે એવોર્ડ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના સહયોગથી યોજાયેલા આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ શ્રી આઈ. આર. વાળા, ઓથોરિટ ઑફ ગુજરાતના ડિરેક્ટર જનરલ અને અતિથિ વિશેષ જાણીતા ઈન્ફ્લુએન્સર સુશ્રી સપના વ્યાસની ઉપસ્થિતિમાં રાજ્યની પ્રતિભાશાળી મહિલા ખેલાડીઓને વિવિધ શ્રેણીમાં એવોર્ડ આપી નવાજવામાં આવ્યા હતા.

આ પ્રસંગે સ્પોર્ટ્સ ઓથોરિટ ઑફ ગુજરાતના ડિરેક્ટર જનરલ શ્રી આઈ. આર. વાળાએ પ્રાસંગિક ઉદ્બોધન આપતા જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૦માં તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરાયેલ 'ખેલ મહાકુંભ' આજે એક વટવૃક્ષ બની ગયું છે. છેલ્લા ખેલ મહાકુંભમાં નોંધાયેલા ૭૨ લાખ રમતવીરો પૈકી ૨૯ લાખ મહિલા રમતવીરો છે, જે રાજ્યમાં રમતગમત પ્રત્યે વધતી જાગૃતિનું ઉત્તમ ઉદાહરણ છે.

વધુમાં શ્રી આઈ. આર. વાળાએ ઉમેર્યું કે, સરકાર 'ઈન-સ્કૂલ' અને 'DLSS' જેવી યોજનાઓ દ્વારા ખેલાડીઓનો રહેવા, જમવા અને તાલીમનો તમામ ખર્ચ ઉઠાવી રહી છે. વર્ષ ૨૦૩૬ના ઓલિમ્પિકને ધ્યાનમાં રાખીને ગુજરાતના ખેલાડીઓ મેડલ ટેલીમાં 'ટોપ-૧૦'માં સ્થાન મેળવે તે માટે સરકાર અને વાલીઓના સામૂહિક પ્રયાસો અનિવાર્ય છે.

અતિથિ વિશેષ અને જાણીતા ઈન્ફ્લુએન્સર સુશ્રી સપના વ્યાસે મહિલાઓને પ્રોત્સાહિત કરતા જણાવ્યું હતું કે સ્ત્રીઓએ એકબીજાની દુશ્મન બનવાને બદલે એકબીજાનો હાથ પકડીને આગળ લાવવા પ્રયત્ન કરવો જોઈએ. સમાજની જૂની માન્યતાઓને તોડીને મહિલાઓએ મજબૂત મિત્રતા કેળવવી જોઈએ, જે આજના માનસિક સ્વાસ્થ્યના યુગમાં અત્યંત અનિવાર્ય છે.

SJAGના પ્રમુખ શ્રી તુષાર ત્રિવેદીએ એસોસિએશનના ઉદ્દેશ્ય વિશે વાત કરતા જણાવ્યું કે, છેલ્લા ૧૫ વર્ષથી SJAG ખેલાડીઓની સિદ્ધિઓને જનતા સુધી પહોંચાડવાનું કાર્ય કરે છે.

ખાસ કરીને કોઈ પ્રતિભાશાળી મહિલા ખેલાડી સન્માનથી વંચિત ન રહી જાય તે માટે આ વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

એસોસિએશનના પેટ્રોન શ્રી હિતેશ પટેલે કહ્યું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ નારણપુરામાં વીર સાવરકર સ્પોર્ટ્સ સ્ટેડિયમ જેવી અત્યાધુનિક સુવિધાઓ ઊભી કરવામાં આવી છે, જે ગ્રામીણ અને શહેરી તમામ ખેલાડીઓ માટે આશીર્વાદરૂપ બનશે.

આ સમારોહમાં મહિલાઓને 'ઈમરજિંગ પ્લેયર ઑફ ગુજરાત', 'પ્રાઈડ ઑફ ગુજરાત', 'કોન્ટ્રિબ્યુશન ઈન સ્પોર્ટ્સ' અને 'લાઈફટાઈમ અચીવમેન્ટ એવોર્ડ' એનાયત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં સ્પોર્ટ્સ જર્નાલિસ્ટ્સ એસોસિએશન ઓફ ગુજરાત (SJAG) નાં હોદ્દેદારો સહિત વરિષ્ઠ પત્રકારો, રમતગમત પ્રેમીઓ અને વિવિધ એસોસિએશનના પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

લગ્ન તૂટવાથી પરેશાન યુવકે કરી શર્મનાક હરકત

# યુવક યુવતીના ઘરે પહોંચ્યો અને તેને HIV ગ્રસ્ત લોહીનું ઈન્જેક્શન આપ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)હૈદરાબાદ

હૈદરાબાદના પોચારમ વિસ્તારમાંથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. ૨૪ વર્ષીય એક પુરુષ પર HIV સંક્રમિત લોહી ૨૨ વર્ષીય મહિલાને બળજબરીથી ઈન્જેક્શન આપવાનો આરોપ છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ ઘટના ૧૧ માર્ચે બની હતી. આ ઘટના સામે આવ્યા બાદ, પોલીસે આરોપી વિરુદ્ધ કેસ નોંધીને તેની ધરપકડ કરી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, આરોપી અને પીડિતા સગા છે. થોડા સમય પહેલા, છોકરીના માતા-પિતાએ તેમની પુત્રીના લગ્ન તે પુરુષ સાથે નક્કી કર્યા હતા. બંને પરિવારો વચ્ચેનો સંબંધ પણ નક્કી થઈ ગયો હતો.એવું કહેવાય છે કે યુવકના માતા-પિતા પહેલાથી જ HIV પોઝિટિવ હતા.

આ કારણોસર, યુવતીના પરિવારે સપ્ટેમ્બરમાં તેની મેડિકલ તપાસ કરાવી હતી. ટેસ્ટ રિપોર્ટમાં યુવક HIV પોઝિટિવ હોવાનું બહાર આવ્યું હતું. ત્યારબાદ, યુવતીના પિતાએ તાત્કાલિક સંબંધ તોડી નાખ્યો અને લગ્ન રદ કર્યા.પોલીસના જણાવ્યા અનુસાર, લગ્ન રદ થયા બાદ આરોપી ખૂબ જ નારાજ હતો. તેને લાગ્યું કે જો યુવતી પણ HIV પોઝિટિવ થઈ જશે, તો તેને તેની સાથે લગ્ન કરવા અને કાયમ માટે તેની સાથે રહેવા માટે દબાણ કરવામાં આવશે.પોલીસનું કહેવું છે કે ૧૧ માર્ચે આરોપી યુવક યુવતીના ઘરે પહોંચ્યો અને તેને HIV ગ્રસ્ત લોહીનું ઈન્જેક્શન આપ્યું. ઘટના બાદ, યુવતીના પિતાએ તાત્કાલિક પોલીસ ફરિયાદ નોંધાવી. પોચારામ IT કોરિડોર પોલીસ સ્ટેશનમાં આરોપી વિરુદ્ધ હત્યાના પ્રયાસનો કેસ નોંધવામાં આવ્યો છે. પોલીસે આરોપીને કસ્ટડીમાં લીધો છે. યુવતીને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે જ્યાં તેની સારવાર ચાલી રહી છે. પોલીસ સમગ્ર મામલાની તપાસ કરી રહી છે.

## ઈન્ડિયાનો કેપ્ટન સૂર્યકુમાર યાદવ પિતા બનવાનો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સૂર્યકુમાર યાદવ પિતા બનવાનો છે, તેની પત્ની દેવીશા શેટ્ટી ગર્ભવતી છે. તેના બેબી શાવરનો એક વીડિયો હાલમાં સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

સૂર્યકુમારની પત્નીની ગર્ભાવસ્થાના સમાચાર સૌપ્રથમ T20 વર્લ્ડ કપ દરમિયાન સામે આવ્યા હતા, પરંતુ આ વીડિયો સામે આવ્યા પછી હવે આ સમાચારની સત્તાવાર પુષ્ટિ થઈ છે. સૂર્યકુમાર અને દેવીશાના લગ્નને લગભગ ૧૦ વર્ષ થયા છે.

સૂર્યકુમાર યાદવની કેપ્ટનશીપ હેઠળ ભારતે ફાઈનલમાં ન્યુઝીલેન્ડને હરાવીને ૨૦૨૬ T20 વર્લ્ડ કપનો ખિતાબ જીત્યો હતો. બેબી શાવર સમારોહના એક દિવસ પહેલા સૂર્યકુમારે ICC પ્રમુખ જય શાહ અને કોચ ગૌતમ ગંભીર સાથે મુંબઈના સિદ્ધિવિનાયક મંદિરની મુલાકાત લીધી હતી. તેઓ તેમની સાથે વર્લ્ડ કપ ટ્રોફી પણ લઈ ગયા હતા. બધાએ બાપ્પાના આશીર્વાદ લીધા હતા.

વાયરલ વીડિયોમાં સૂર્યકુમાર યાદવ તેની પત્ની દેવીશા શેટ્ટી સાથે એન્ટ્રી કરતા જોવા મળે છે. નોંધનીય છે કે સૂર્યકુમાર અને દેવીશા ૭ જુલાઈ, ૨૦૧૬ના રોજ લગ્નના બંધનમાં બંધાયા હતા. તે સમયે સૂર્યકુમાર ફક્ત IPLમાં રમી રહ્યો હતો. તેણે તેમના લગ્નના લગભગ પાંચ વર્ષ પછી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં એન્ટ્રી કરી હતી. સૂર્યકુમાર યાદવ હાલમાં T20 ફોર્મેટમાં ટીમ ઈન્ડિયાનો કેપ્ટન છે અને તેમના નેતૃત્વમાં જ ભારતે ઐતિહાસિક વર્લ્ડ કપ જીત મેળવી હતી. ભારત ઘરઆંગણે T20 વર્લ્ડ કપ જીતનાર પ્રથમ દેશ બન્યો. વધુમાં ભારત સતત T20 વર્લ્ડ કપ જીતનાર પ્રથમ દેશ પણ છે. સૂર્યકુમાર આગામી IPLમાં જોવા મળશે, જ્યાં તે મુંબઈ ઈન્ડિયન્સ માટે રમે છે. તેની આંતરરાષ્ટ્રીય કારકિર્દીની વાત કરીએ તો, સૂર્યકુમારે ૧૧૩ T20 મેચોમાં ૩,૨૭૨ રન બનાવ્યા છે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

ઉબર રાઈડરે મહિલા પર બગાડી નજર

# ચાલું રાઈડે અડપલાં કરી જાનથી મારી નાખવાની આપી ધમકી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

એપ બેઝ્ડ બાઈક ટેક્સીનું ચલણ ઘણું વધી ગયું છે. ખાસ કરીને મેટ્રો સિટીમાં લોકો મોબાઈલ ફોનથી કેબ, ઓટો કે પછી બાઈક બુક કરીને ડેસ્ટિનેશન સુધી જાય છે. ઉબર, ઓલા અને રેપિડો જેવી એપ્સ લોકો વચ્ચે ઘણી લોકપ્રિય છે. હવે ઉબર બાઈકને લઈને એક ખૌફનાક સમાચાર સામે આવ્યા છે. રાષ્ટ્રીય રાજધાની દિલ્હીના રોહિણી વિસ્તારમાં એપ બેઝ્ડ બાઈક ટેક્સી સેવા દરમિયાન એક મહિલા સાથે કથિત રીતે છેડતી અને જાનથી મારી નાખવાની ધમકી આપવાનો મામલો સામે આવ્યો છે. પોલીસે આરોપી ઉબર બાઈક રાઈડર સચિન ચૌધરીની ધરપકડ કરી છે. પોલીસે જણાવ્યું છે કે, આરોપી ૩૪ વર્ષીય છે અને બાદલી ગામનો રહેવાસી છે. કોર્ટે તેને ૧૪ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલી દીધો છે.

ઉબર બાઈક ચાલક દ્વારા મહિલા સાથે છેડતી કરવાની આ ઘટના ૧૨ માર્ચની છે. જાણવા મળતી માહિતી મુજબ, ૩૨ વર્ષીય એક મહિલાએ પોતાની ઓફિસના ક્લાયન્ટને મળવા માટે રોહિણીથી ઉબર બાઈક બુક કરી હતી. મહિલાનું કહેવું છે કે આશરે ૨૦ મિનિટનો આ સફર તેના માટે ખૂબ જ ભયાનક અનુભવ બની ગયો હતો. પ્રાઈવેટ કંપનીમાં કામ કરતી પીડિતાએ જણાવ્યું હતું કે, જેવી રાઈડ શરૂ થઈ, તેને રાઈડરના વર્તનમાં કંઈક અજીબ લાગ્યું. મહિલાએ આરોપ લગાવ્યો કે, તે બાઈક પર એક તરફ બંને પગ રાખીને બેઠી હતી, તેની તેમજ રાઈડર વચ્ચે થોડું અંતર પણ હતું, પરંતુ ચાલક વારંવાર તેને સ્પર્શ કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો. મહિલાના જણાવ્યા મુજબ, થોડીવાર પછી ઉબર રાઈડરનો વ્યવહાર બગડી ગયો. પીડિતાએ આગળ જણાવ્યું કે, જ્યારે તેણે તેને બાઈક રોકવા કહ્યું તો તે ફુલ સ્પીડમાં બાઈક ચલાવવા લાગ્યો અને વારંવાર અચાનક બ્રેક મારવા લાગ્યો, જેથી મારી બોડી તેની સાથે ટચ થઈ શકે.

મહિલાએ જણાવ્યું હતું કે, તે ડરને કારણે થોડા સમય માટે સ્તબ્ધ થઈ ગઈ હતી, પરંતુ પછી તેણે જોર-જોરથી બૂમો પાડીને બાઈક રોકવા માટે કહ્યું હતું. મહિલાનો આરોપ છે કે, ચાલકે ગાળાગાળી શરૂ કરી દીધી રઅને જાનથી મારી નાખવાની ધમકી પણ આપવા લાગ્યો હતો. પીડિતાએ જણાવ્યું કે જ્યારે તેણે પોતાના ફોન પર લોકેશન જોયું તો જાણવા મળ્યું કે ચાલક કોઈ અલગ જ દિશામાં લઈ જઈ રહ્યો હતો. મહિલાએ વધુમાં આરોપ લગાવતા કહ્યું કે, 'હું ફરીથી બૂમો પાડતા બોલી કે જો તે બાઈક નહીં રોકી તો હું કૂદી જઈશ. ત્યારે જ તેણે મને પકડી લીધી અને ધમકી આપી કે જો મેં બૂમાબૂમ કરી તો તે મારું ગળું કાપી નાખશે.' મહિલાના જણાવ્યા અનુસાર, થોડીવાર પછી બાઈક એક સ્કૂલ પાસે ધીમી પડી તો મહિલાએ તક જોઈને ચાલતી બાઈક પરથી છલાંગ લગાવી દીધી. રસ્તા પર પડ્યા બાદ તે જોર-જોરથી રડવા અને મદદ માટે બૂમો પાડવા લાગી. મહિલા મુજબ, તેનો અવાજ સાંભળીને સ્કૂલના કેટલાક કર્મચારીઓ અને શિક્ષકો બહાર દોડી આવ્યા અને તેને અંદર લઈ જઈને મદદ કરી. જોકે, મહિલાનો આરોપ છે કે આરોપી રાઈડર સ્કૂલના ગેટની આસપાસ બાઈક લઈને આંટા મારતો રહ્યો અને તેને ગાળો આપતા ધમકાવતો રહ્યો. બાદમાં તે ત્યાંથી ભાગી ગયો હતો. ત્યારબાદ મહિલાએ ઉબરમાં સમગ્ર ઘટના વિશે ફરિયાદ નોંધાવી અને પોલીસને પણ જાણ કરી હતી. મહિલાએ ઘટના વિશે સોશિયલ મીડિયા પર આશરે અઢી મિનિટનો વીડિયો પણ પોસ્ટ કર્યો છે. રોહિણી જિલ્લાના ડીસીપી શશાંક જાયસવાલે જણાવ્યું છે કે, ફરિયાદ મળ્યા બાદ પોલીસે આરોપીની ધરપકડ કરી લીધી હતી.

## અમદાવાદમાં કેનેડિયન નાગરિકોને ખંખેરતું ફેક કોલ સેન્ટર ઝડપાયું

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ સાયબર ક્રાઈમે ચાંદખેડા વિસ્તારના ન્યુ સીજી રોડ પર આવેલા સોંપાન હાઈટ્સના એક મકાનમાં દરોડો પાડીને આંતરરાષ્ટ્રીય સ્તરનું કૌભાંડ ઝડપી પાડ્યું છે. અહીંથી કુશ પટેલ, હર્ષ પટેલ, આશુ પટેલ અને સુનિલ રાવત નામના ચાર શખસોની ધરપકડ કરવામાં આવી છે, જેઓ કેનેડાના નાગરિકોને નિશાન બનાવી લાખોની ઠગાઈ આચરતા હતા. મળતી માહિતી અનુસાર, આ ટોળકી કેનેડા રેવન્યુ એજન્સી અથવા બેંકના અધિકારી હોવાનો ખોટો સ્વાંગ રચીને વિદેશી નાગરિકોને ફોન કરતી હતી અને તેમના બેંક એકાઉન્ટ જોખમમાં હોવાનો ડર બતાવી વિશ્વાસમાં લેતી હતી. ખાસ સોફ્ટવેર અને નકલી ડિજિટલ આઈડીનો ઉપયોગ કરીને તેઓ સામેની વ્યક્તિની અંગત વિગતો મેળવી લેતા અને ત્યારબાદ એકાઉન્ટ સુરક્ષિત કરવાના બહાને જુદી જુદી કંપનીના ગિફ્ટ કાર્ડ વાઉચર દ્વારા પૈસા પડાવી લેતા હતા.

ડિજિટલ એરેસ્ટના બહાને ડરાવી લૂંટ ચલાવાઈ

# બે સિનિયર સિટિઝન્સની ૩૦ કરોડ રૂપિયાની છેતરપિંડી

### બંને મહિલા સિનિયર સિટિઝન્સને છેતરી કરોડો રૂપિયા પડાવી લેવાયા, એક મહિલાએ તો ઘર પણ વેચી માર્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

નવી દિલ્હીમાં બનેલી ડિજિટલ એરેસ્ટ દ્વારા છેતરપિંડીની બે ઘટનામાં વિડિયો કોલ દ્વારા ૭૦ વર્ષથી વધુ વયની બે સિનિયર સિટિઝન્સ મહિલાઓને ડરાવી તેમની પાસેથી કુલ ૩૦ કરોડ રૂપિયા કરતાં વધારે રકમ લૂંટી લેવામાં આવી હતી. સીબીઆઇ દ્વારા આ મામલે એફઆઇઆર નોંધી તપાસ કરવામાં આવતાં બંને વૃદ્ધાઓ સાથે થયેલી છેતરપિંડીની વિગતો બહાર આવી હતી. પહેલા કેસમાં ૭૩ વર્ષના એક નિવૃત્ત મહિલા પ્રોફેસર પાસેથી ૧૧ કરોડ રૂપિયાથી વધારે રકમની ઠગાઇ કરવામાં આવી હતી. ૧૦ જુન ૨૦૨૫ના રોજ સવારે સવા નવ વાગ્યે એક મહિલાનો ફોન આવ્યો હતો. પોતાને ટેલિફોન ખાતાની કર્મચારી ગણાવનારી આ મહિલાએ જણાવ્યું હતું કે તમારી સામે ફરિયાદ નોંધાવવામાં આવેલી હોઇ બે કલાકમાં તમારો મોબાઇલ ફોન બંધ થઇ જશે.એ પછી ફોન તરત બીજી વ્યક્તિને ટ્રાન્સફર કરી દેવામાં આવ્યો. આ બીજી વ્યક્તિએ પોતાની ઓળખ સીબીઆઇના ઇન્સ્પેક્ટર વિજય ખન્ના તરીકે આપી. તેણે જણાવ્યું હતું કે તમારું નામ મની લોન્ડરિંગના એક કેસમાં ખૂલ્યું છે. આ ઠગોએ પોલીસની વર્દી પહેલી વોટ્સએપ કોલ કર્યો હતો. તેમના વિડિયો કોલમાં તેમણે પાછળ પોલીસ સ્ટેશન જેવો સેટ અપ બનાવેલો હતો.

મહિલા પ્રોફેસરને ધમકાવી જણાવવામાં આવ્યું કે તમારી ડિજિટલ એરેસ્ટ કરવામાં આવી છે અને તમને ઘરની બહાર જવાની કે કોઇની સાથે વાત કરવાની છૂટ નથી. જો તમે કોઇ વકીલ કે પોલીસને જણાવશો તો તરત જ તમારી ધરપકડ કરવામાં આવશે. ડરી ગયેલી મહિલા પ્રોફેસર કમરામાં પૂરાઇ રહી રાતે પણ વિડિયો કોલ ચાલુ રાખતી હતી. ઠગોએ બનાવટી કોર્ટઆદેશ મોકલી મહિલા પ્રોફેસરને ખાતરી કરાવી કે તેમણે સરકારી ખાતાઓમાં તપાસ માટે નાણાં મોકલવા પડશે.

મહિલા પ્રોફેસરે દાગીના વેચી અને મ્યુચ્યુઅલ ફંડોમાં કરેલાં રોકાણોને વેચી કરોડો રૂપિયા ટ્રાન્સફર કરી દીધાં. ઠગોએ મહિલા પ્રોફેસરના પતિને પણ તેમની ચુંગાલમાં ફસાવી તેની એફડી તોડાવી અને તેના પીપીએફ ખાતામાંથી પણ પૈસા કઢાવી ટ્રાન્સફર કરાવી લીધાં હતા. જુનથી ઓગસ્ટ ૨૦૨૫ દરમ્યાન આ દંપતીએ કુલ ૧૧, ૪૨, ૭૫,૦૦૦ રૂપિયા ટ્રાન્સફર કરી દીધાં હતા. બીજા કેસમાં પણ આવી જ મોડસ ઓપરન્ડી અજમાવવામાં આવી હતી. ૭૪ વર્ષની નિવૃત્ત ગાયનેકોલોજિસ્ટ મહિલા ડોકટરને ૧૫ માર્ચ ૨૦૨૫ના રોજ બપોરે સાડા ત્રણ વાગે ફોન કરી એક મહિલાએ પોતાની ઓળખ ટેલિફોન ખાતાની કર્મચારી તરીકે આપી હતી. તેણે જણાવ્યું હતું કે તમારા ફોન પરથી વાંધાજનક મેસેજો મોકલવામાં આવતાં હોઇ તમારો નંબર બંધ કરવામાં આવી રહ્યો છે. મહિલા ગાયનેકે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં જવાની વાત કરી તો ફોન કોલને મુંબઇ પોલીસ સાથે જોડી દેવામાં આવ્યો. જેમાં એક વ્યક્તિએ પોતાને પોલીસ સબ ઈન્સ્પેકટર મોહનસિંહ ગણાવી મહિલાને ધમકાવી કે મની લોન્ડરિંગના એક કેસમાં તમે મુખ્ય આરોપી છો. એ પછી તેમનો આધાર નંબર માંગવામાં આવ્યો અને જણાવાયું કે આ કેસ ગુપ્ત હોઇ તમારા પર ચોવીસ કલાક વિડિયો દેખરેખ રાખવામાં આવશે. ઠગોએ તેમનો નંબર શીતલ તરીકે સેવ કરવા જણાવ્યું જેથી પરિવારજનોને કોઇ શંકા ન પડે. એ પછી બનાવટી વકીલ અને નોટરીએ વિડિયો કોલ પર મહિલા ગાયનેકને ધમકાવી હતી. તેમણે સરકારી તપાસને બહાને નાણાં ટ્રાન્સફર કરવા જણાવ્યું. આ મહિલા ગાયનેકે ઠગોની જાળમાં ફસાઇ પોતાની ૩૧ એફડી તોડી, દોઢ કિલો સોનાની લગડીઓ વેચી અને ઘરેણાં પર લોન પણ લીધી. ડરના માર્યા આ મહિલા ગાયનેકે પોતાની પુત્રીઓ પાસેથી પણ નાણાં લીધાં અને પરિવારના ઘરને પણ વેચી માર્યું. માર્ચથી જુન દરમ્યાન આ મહિલાએ ૩૫ બેંક ખાતાઓમાંથી ૧૯,૨૪,૪૧,૫૪૧ રૂપિયા ટ્રાન્સફર કર્યા. મહિલાને ઠગોએ દસ દિવસમાં નાણાં પાછાં મળી જશે તેમ જણાવેલું પણ પખવાડિયા બાદ ફોન કરતાં તમામ ફોન બંધ આવ્યા ત્યારે તેને લૂંટાઇ ગઇ હોવાની ખબર પડી હતી.

નવસર્જન સંસ્કૃતિ
નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

### સરદારધામ સંચાલિત સિવિલ સર્વિસ કેન્દ્ર અને કેળવણીધામમાંથી તાલીમ મેળવી સફળ થનાર ઉમેદવારોનો સન્માન સમારોહ યોજાયો

# સરદારધામ ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ઓલ ઈન્ડિયા સિવિલ સર્વિસીસ અને ગુજરાત જાહેર વહીવટી સેવાની પરીક્ષામાં સફળ થયેલા વિદ્યાર્થીઓને સન્માનિત કર્યા

### સરકારી સંસાધનો અને નાણાંનો ઉપયોગ જ્યારે પ્રજાની સુખાકારી માટે સાચી દિશામાં થાય છે, ત્યારે તે સમાજ માટે આશીર્વાદરૂપ બને છે :મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ









મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં સરદારધામ ખાતેથી તાલીમ મેળવીને ઓલ ઈન્ડિયા સિવિલ સર્વિસીસ તેમજ ગુજરાત જાહેર વહીવટી સેવામાં પસંદગી પામેલા યુવાનોનો સન્માન સમારોહ યોજાયો હતો.

સરદારધામમાંથી તાલીમ મેળવીને યુપીએસસીમાં સફળતા પ્રાપ્ત કરનારા શ્રી તુષાર મેંદપરા, શ્રી અનિકેત પટેલ, શ્રી સાવન સરાવાડિયા, શ્રી સ્નેહ પટેલ અને શ્રી ઉત્પલ પટેલને ચેક અને સ્મૃતિ ચિન્હ એનાયત કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ ૨૦૨૬નું કર્ટેન રેઝર મુખ્યમંત્રીશ્રીના હસ્તે લોન્ચ કરવામાં આવ્યું હતું. સન્માન સમારોહમાં પૂર્વ સનદી અધિકારીશ્રીઓ તથા સમાજના દાતાશ્રીઓને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે સરદારધામ-કેળવણીધામ અને સિવિલ સર્વિસ કેન્દ્ર ખાતે તાલીમ મેળવીને આ વર્ષે યુપીએસસીની પરીક્ષામાં ૫ વિદ્યાર્થીઓ તથા ગુજરાત જાહેર વહીવટી સેવાની પરીક્ષાઓમાં ૧૩૩૭ વિદ્યાર્થીઓ સફળ બન્યા છે. સરદારધામ ખાતે ઈન્ટરવ્યુ તાલીમ મેળવીને સફળ બનેલ અન્ય સમાજના વિદ્યાર્થીનું પણ આ તકે સન્માન કરવામાં આવ્યું હતું.

સરદારધામ ખાતે યોજાયેલા સન્માન સમારોહમાં મુખ્યમંત્રીશ્રીએ યુપીએસસી અને ગુજરાત જાહેર વહીવટી સેવાની પરીક્ષાઓમાં સફળ થયેલા ઉમેદવારોને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, પરીક્ષાઓ પાસ કરીને તમે તમારી બૌદ્ધિક ક્ષમતા પુરવાર કરી છે, પરંતુ હવે આ બુદ્ધિશક્તિનો લોકહિત માટે સદુપયોગ કરવાનો અસલી સમય શરૂ થયો છે. તમારી આગામી કાર્યશૈલી અને વહીવટી નિર્ણયો જ તમારી કારકિર્દીની સાચી ઓળખ બનશે.

વહીવટી સેવામાં જોડાતા યુવાનોને પ્રોત્સાહન આપતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે સરકારી સેવા એ માત્ર નોકરી નથી પરંતુ પુણ્ય કમાવવાની ઉત્તમ તક છે. સરકારી સંસાધનો અને નાણાંનો ઉપયોગ જ્યારે પ્રજાની સુખાકારી માટે સાચી દિશામાં થાય છે, ત્યારે તે સમાજ માટે આશીર્વાદરૂપ બને છે. પ્રજાજનો પ્રત્યે અધિકારીઓનો વ્યવહાર સંવેદનશીલ હોવો જોઈએ, જેથી તેઓ પોતાના માતા-પિતા, સંસ્થા અને સમાજનું ગૌરવ વધારી શકે.

વધુમાં, મુખ્યમંત્રીશ્રીએ વહીવટમાં શિસ્ત અને સુશાસનના મહત્વ પર ભાર મૂકતા જણાવ્યું કે, તમામ નીતિ-નિયમો પ્રજાની સુવિધા માટે બનાવવામાં આવ્યા છે, તેથી વહીવટમાં ગતિશીલતા લાવી નાગરિકોની મુશ્કેલીઓ ઘટાડવી એ આપણી પ્રાથમિકતા હોવી જોઈએ.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતનો આર્થિક પાયો મજબૂત બન્યો છે, ત્યારે 'અમૃતકાળ'ના આ સમયમાં અત્યારના નવયુક્ત અધિકારીઓ પાસે વર્ષ ૨૦૪૭ સુધી દેશની સેવા કરવાની મોટી તક છે. વિકસિત ગુજરાતથી વિકસિત ભારતના સંકલ્પને સિદ્ધ કરવા માટે યુવા અધિકારીઓ સંપૂર્ણ નિષ્ઠાથી કાર્ય કરી દેશના વિકાસમાં પોતાનું યોગદાન આપવા મુખ્યમંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો.

સન્માન સમારોહમાં આરોગ્ય રાજયમંત્રી શ્રી પ્રફુલ્લભાઈ પાનસેરીયાએ સફળતા પ્રાપ્ત કરનારા ઉમેદવારોને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે તાલીમ મેળવી રહેલા યુવાનોને પોતાના માતાપિતાના પરિશ્રમ અને સપનાઓને હંમેશા ધ્યાને રાખીને મહેનત કરવા અનુરોધ કર્યો હતો.

મંત્રીશ્રીએ વહીવટી સેવામાં જોડાઈ રહેલા યુવાઓને અનુરોધ કર્યો હતો કે વહીવટી સેવામાં જોડાયા બાદ તેમનો અભિગમ 'અંત્યોદય' એટલે કે સમાજના છેવાડાના અને ગરીબ વ્યક્તિના ઉત્થાન માટેનો હોવો જોઈએ. સરદાર વલ્લભભાઈ પટેલે આઝાદ ભારતમાં સિવિલ સર્વિસ માટે જે ઉમદા વિચાર રજૂ કર્યો હતો, તેને સાર્થક કરવાની જવાબદારી નવયુક્ત અધિકારીઓના ખભે છે એમ તેમણે જણાવ્યું હતું

વધુમાં મંત્રીશ્રીએ શિક્ષણ અને સમાજ સેવાના હેતુથી સંસ્થાને સહયોગ આપનારા દાતાઓની ઉદારતાને પણ બિરદાવી હતી. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, અહીંથી તાલીમ મેળવેલા યુવાનો કોઈપણ ભેદભાવ કે અભિમાન વગર શ્રેષ્ઠ કર્મ કરીને સમાજ અને દેશનું નામ રોશન કરશે.

સમારોહમાં સરદારધામના પ્રમુખસેવક શ્રી ગગજીભાઈ સુતરીયાએ સ્વાગત સંબોધન કરતા સૌને આવકાર્યા હતા.

આ સન્માન સમારોહમાં સરદારધામના ટ્રસ્ટીશ્રીઓ, દાતાઓ, સામાજિક અને રાજકીય અગ્રણીઓ, આમંત્રિત મહાનુભાવો, સંસ્થાના ફેકલ્ટીઝ સહિત વિદ્યાર્થીઓ અને વાલીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### ૫ રેસિડન્ટ તબીબની ધરપકડ કરાઈ

## રેસિડન્ટ તબીબે કેમ મોત વ્હાલું કર્યુ તેનું સાચું કારણ સામે આવ્યુ

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

રાજકોટમાં ગઈકાલે એઈમ્સ હોસ્પિટલના રેસિડન્ટ તબીબ કરનાર અને હોસ્ટેલમાં રહેતા ૨૬ વર્ષિય રતન કુમાર મેઘવાળે શનિવારે ટ્રેન નીચે પડતુ મૂકીને આપઘાત કર્યો હતો. ત્યારે ગાંધીગ્રામ પોલીસની પ્રાથમિક તપાસમાં મોટા અપડેટ સામે આવ્યા છે. ત્યારે હોસ્પિટલના પાંચ તાલીમાર્થી તબીબ તેને હેરાન કરતા હોવાનું સ્યૂસાઈડ નોટમાં સામે આવ્યું છે. જેના બાદ પોલીસે પાંચેય તબીબની ધરપકડ કરી છે.

રાજકોટ AIIMS માં ડોક્ટર અભ્યાસ કરતો યુવકે ટ્રેન નીચે ઝંપલાવી આપઘાત કર્યો હતો. AIIMS હોસ્પિટલમાં અભ્યાસ કરતા રતનકુમાર મોહનલાલ મેઘવાળ આપઘાત કર્યો હતો. શનિવારે વહેલી સવારે ટ્રેન નીચે ઝંપલાવી મોત વ્હાલુ કર્યું હતું. તપાસમાં સામે આવ્યું કે, અગાઉ પણ યુવકે આપઘાતનો પ્રયાસ કર્યો હતો.

સમગ્ર મામલાની જાણ ગાંધીગ્રામ પોલીસને થતા તાત્કાલિક અસર થી ગાંધીગ્રામ પોલીસનો કાફલો ઘટના સ્થળ ખાતે પહોંચ્યો હતો. તેમજ જરૂરી પંચનામાની કાર્યવાહી પુર્ણ કર્યા બાદ મૃતકની લાશને પોસ્ટ મોર્ટમ અર્થે પીએમ રૂમ ખાતે ખસેડવામાં આવી હતી. રેલ્વે ટ્રેક પરથી ગાંધીગ્રામ પોલીસને મૃતકનો મોબાઈલ ફોન, લેપટોપ, જરૂરી દસ્તાવેજો તેમજ એઈમ્સ હોસ્પિટલનું આઈકાર્ડ સહિતની વસ્તુઓ મળી આવી છે. તેમજ મૃતક પાસેથી મારવાડી ભાષામાં લખેલી સ્યુસાઈડ નોટ પણ મળી આવી છે. જે પોલીસ દ્વારા હાલ કબજે કરવામાં આવી છે.

સ્યુસાઈડ નોટમાં લખેલ લખાણ સંદર્ભે પોલીસ દ્વારા તેના માતા પિતા પાસેથી પણ વિગત મેળવવામાં આવશે. તો સાથે જ રતન કુમારની સાથે અભ્યાસ કરનારા અન્ય તબીબો તેમજ હોસ્પિટલ સ્ટાફ, હોસ્ટેલ સ્ટાફ સહિતના વ્યક્તિઓના નિવેદન પણ નોંધવામાં આવશે. અગાઉ જાન્યુઆરી મહિનામાં પણ રતનકુમાર વહેલી સવારે હોસ્ટેલ છોડીને જતો રહ્યો હતો. જેથી એઈમ્સ હોસ્પિટલના ડેપ્યુટી ડિરેક્ટર દ્વારા તે સંદર્ભે ગાંધીગ્રામ પોલીસ મથકમાં ગુમસુધાની નોંધ કરાવવામાં આવી હતી. જે બાબતની જાણ થતાં ગાંધીગ્રામ પોલીસ દ્વારા કલાકોની જહેમત બાદ રતનકુમારને પરા પીપળીયા વિસ્તારમાં રેલ્વે ટ્રેક પાસેથી ઝડપી પાડવામાં આવ્યો હતો. રતન કુમાર આપઘાત કરે તે પૂર્વે જ પોલીસે ઝડપી પાડવામાં આવ્યો હતો. તેમજ ત્યારબાદ તેના માતા પિતાને તેને સોંપવામાં આવ્યો હતો. રતન કુમારને ત્યારબાદ તેના પરિવારજનો દ્વારા રાજસ્થાન લઈ જવામાં આવ્યો હતો.

રાજકોટ પોલીસના એસીપી બીજે ચૌધરીએ જણાવ્યું કે, એઈમ્સ હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા અનુસાર રાજસ્થાન પરત ગયા બાદ રતન કુમાર દ્વારા હજુ સુધી ફરી પાછો અભ્યાસ શરૂ કરવામાં નહોતો આવ્યો. ત્યારે ગાંધીગ્રામ પોલીસ દ્વારા રતનકુમાર રાજસ્થાનથી પરત ક્યારે આવ્યો. રાજકોટ પરત આવ્યા બાદ તે હોસ્ટેલમાં ગયો હતો કે કેમ? તે સહિતની બાબતો અંગે તપાસ કરવામાં આવી રહી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં રતનકુમાર એમબીબીએસના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરી રહ્યો હોવાનું સામે આવ્યું છે

ત્યારે રાજકોટની એઈમ્સના વિદ્યાર્થીનો આપઘાતનો મામલામાં ભરૂચના એક સહિત મેડિકલના છેલ્લા ૫ વર્ષના તાલીમાર્થી તબીબ વિરુદ્ધ ગુનો નોંધાયો છે. મૃતક વિદ્યાર્થીએ આપઘાત કરતા પહેલા સ્યુસાઈડ નોટ પણ લખી હતી. જેમાં તેને આ યુવકો દ્વારા હેરાનગતિ કરાતી હોવાનું સામે આવ્યું છે. સમગ્ર મામલે ગાંધીગ્રામ પોલીસે પાંચ તાલીમાર્થી તબીબ વિરુદ્ધ ગુનો નોંધી ધરપકડ કરી છે.

કોની કોની ધરપકડ કરાઈ

ડૉ પ્રણવ પાણીવાલ, અસ્મિત શર્મા, આયુષ યાદવ, નિર્વિદન યાદવ, યુવરાજ ચૌધરી.

તપાસમાં સામે આવ્યું કે, મૃતક રતનકુમાર મહિલા તબીબ મિત્ર અન્ય લોકો સાથે વાતચીત કરતો હતો તે આ પાંચ યુવકોને ગમતું નહોતું, તેથી આ યુવકો તેને હેરાનગતિ કરતા હતા. પકડાયેલ આરોપીઓ મૃતક રતનને હેરાન કરતા હોવાને શંકા સાથે પોલીસે ધરપકડ કરી છે. જો કે હાલ સમગ્ર મામલે પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

### ૮૭ સિલિન્ડર સાથે ૨ શખ્સ ઝડપાયા

## રાજકોટમાં LPG સિલિન્ડરની કાળાબજારીનો અંતે પર્દાફાશ

### આરોપીઓ ચુલા રીપેરીંગના ધંધાની આડમાં સિલિન્ડરનું ગેરકાયદે રિફિલિંગ કરતા હોવાનું તપાસમાં સામે આવ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

રાજકોટ જિલ્લામાં ગેસ સિલિન્ડરની કાળાબજારીનો મોટો પર્દાફાશ થયો છે. શાપર પોલીસને મળેલી બાતમીના આધારે પારડી વિસ્તારમાં છાપો મારતા LPG સિલિન્ડરની ગેરકાયદે રિફિલિંગ અને વેચાણનું કૌભાંડ બહાર આવ્યું. આરોપીઓ ચુલા રીપેરીંગના ધંધાની આડમાં સિલિન્ડરનું ગેરકાયદે રિફિલિંગ કરતા હોવાનું તપાસમાં સામે આવ્યું છે.

પોલીસે દરોડા દરમિયાન કુલ ૮૭ ગેસ સિલિન્ડર કબ્જે કર્યા હતા. તપાસમાં ખુલ્યું કે સિલિન્ડર ગેરકાયદે રીતે ભરીને વેચવામાં આવતા હતા, જેના કારણે સુરક્ષા માટે મોટો ખતરો ઉભો થતો હતો. આ સમગ્ર કૌભાંડ સ્થાનિક ગેસ એજન્સી સાથે સંકળાયેલ હોવાની પણ શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

આ મામલે પોલીસે બે શખ્સોને ઝડપી પાડ્યા છે. ધરપકડ કરાયેલા આરોપીઓના નામ રવિરંજન બિંદ અને રાજીવકુમાર બિંદ હોવાનું સામે આવ્યું છે. બંને આરોપીઓ મૂળ બિહાર રાજ્યના રહેવાસી હોવાનું પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે.

પોલીસે બંને સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. કાળાબજારીના જાળમાં અન્ય લોકો સંકળાયેલા છે કે નહીં તે દિશામાં પણ તપાસ ચાલી રહી છે. પોલીસના જણાવ્યા મુજબ આવી ગેરકાયદે પ્રવૃત્તિઓ સામે કડક કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે.

રાજકોટ જિલ્લાના શાપર નજીક પારડી વિસ્તારમાં ગેસ સિલિન્ડરની કાળાબજારીનો પર્દાફાશ થયો છે. સ્થળ પરથી કુલ ૮૭ ગેસ સિલિન્ડર કબ્જે કરવામાં આવ્યા હતા. તપાસમાં સામે આવ્યું કે સિલિન્ડર ગેરકાયદે રીતે ભરીને વેચવામાં આવતા હતા અને આ કામમાં ગેસ એજન્સી સાથે જોડાણ હોવાની શંકા પણ વ્યક્ત કરવામાં આવી રહી છે. પોલીસે રવિરંજન બિંદ અને રાજીવકુમાર બિંદ નામના બંને આરોપીઓને ધરપકડ કરી છે, જે મૂળ બિહારના રહેવાસી હોવાનું સામે આવ્યું છે, અને સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

### ૩ સદી ચૂકી જવા પર સંજૂ સેમસને કર્યો મોટો ખુલાસો

## મનમાં સદીનો વિચાર આવ્યો હતો પરંતુ ટીમ હિત સર્વોપરી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય વિકેટકીપર-બેટ્સમેન સંજૂ સેમસને T20 વર્લ્ડ કપ ૨૦૨૬માં ધમાકેદાર પ્રદર્શન કર્યું છે. તેમણે પોતાની તોફાની બેટિંગ દ્વારા ભારતને ચેમ્પિયન બનાવવામાં મહત્વનું યોગદાન આપ્યું છે. સેમસને માત્ર ૫ મેચમાં ૧૯૯.૩૭ના સ્ટ્રાઈક રેટ સાથે ૩૨૧ રન બનાવ્યા હતા. તેની પાસે ત્રણ વાર સદી ફટકારવાની તક હતી, પરંતુ તેણે વ્યક્તિગત સિદ્ધિની ચિંતા કરી નહીં.

સેમસને વેસ્ટ ઈન્ડિઝ સામે કરો યા મરો જેવી સુપર-૮ મેચમાં અણનમ ૯૭ રન, ઈંગ્લેન્ડ સામે સેમીફાઈનલમાં ૮૯ રન અને ન્યુઝીલેન્ડ સામે ફાઈનલમાં પણ ૮૯ રનનું યોગદાન આપ્યું હતું. પ્લેયર ઓફ ધ ટૂર્નામેન્ટ બનેલા સેમસને જણાવ્યું કે, તેના મનમાં સદીનો વિચાર આવ્યો હતો પરંતુ ટીમ હિત તેના માટે સર્વોપરી હતું.

સેમસને ઈન્ડિયા ટુડે કોન્ક્લેવમાં કહ્યું કે, "હું મારી ત્રણ સદીઓ વિશે વિચારું જે હું ચૂકી ગયો એવું લોકો કહે છે, ત્યારે મને લાગે છે કે ના યાર, તેનાથી ઘણું મોટું કામ થયું છે. મેં ખરેખર સારું યોગદાન આપ્યું છે. મને એવું જ લાગે છે. ડેફિનેટલી હું એવું નહીં કહું કે મને ૧૦૦ રનનો વિચાર જ નહોતો આવ્યો. એક માણસ તરીકે વિચાર આવી જ જાય કે એક સદી થઈ જાય તો મજા આવી જશે. હા, વિચાર આવ્યો હતો, પણ પછી મેં મારી જાતને કહ્યું, યાર રન અત્યાર સુધી કેવી રીતે બન્યા છે? જ્યારે મેં રમવાનું શરૂ કર્યું ત્યારે સદી વિશે નહોતું વિચાર્યું. એટલે મેં એ પ્રોસેસનું સન્માન કર્યું જે મને રન આપી રહી હતી અને હું બસ પ્લાન પર ટકી રહ્યો."

સંજૂ સેમસને વધુમાં કહ્યું કે, "૮૦-૯૦ કોઈપણ હોય, ફોકસ માત્ર પ્રોસેસ પર રાખવાનું છે. અને પ્રોસેસ એ જ છે કે ટીમ પહેલા છે. એટલે દરેક નિર્ણય લેવામાં આવ્યો કે ભાઈ, અત્યારે ટીમને શું જરૂરિયાત છે."

ભારતની જીત બાદ હેડ કોચ ગૌતમ ગંભીરની તે વાત પર ભાર મૂક્યો કે, ટીમમાં પર્સનલ માઈલસ્ટોન પાછળ રહી જાય છે. સેમસને પણ આ જ વાત દોહરાવી. તેમણે કહ્યું કે, "તેઓ (ગંભીર) સાચા છે. મને લાગે છે કે, અભિષેક શર્મા પણ મારી વાત સાથે સહમત હશે. આ સતત વાતચીતના પોઈન્ટ છે, જેને અમે ટીમ મિંટિંગમાં લખ્યા. શ્રીલંકા સિરીઝથી જ, જ્યાં સૂર્યકુમાર યાદવ અને ગૌતમ ભાઈ ઈન્ડિયન ટીમના લીડર હતા, ત્યાંથી જ એ સ્પષ્ટ હતું કે, કોઈ પર્સનલ માઈલસ્ટોન હોવી જોઈએ નહીં. તો આ પ્રકારે અમે બધાએ આ રીતે જ પોતાને ઢાળ્યા છે."

### ભારતીય ક્રિકેટ ટીમના હેડ કોચ ગૌતમ ગંભીરે કહ્યું

## સંજુને પ્લેઈંગ ૧૧માં જગ્યા આપવાનો નિર્ણય આક્રમક વિચારથી પ્રેરિત હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય ક્રિકેટ ટીમના હેડ કોચ ગૌતમ ગંભીરે કહ્યું કે, ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ દરમિયાન સંજુ સેમસનને પ્લેઈંગ ૧૧માં જગ્યા આપવાનો નિર્ણય આક્રમક વિચારથી પ્રેરિત હતો. કોઈ ટેકનિકલ ખામીના કારણે તેને ટીમમાં લાવવામાં આવ્યો નહોતો. ગંભીરે કહ્યું કે, સંજુ પાસે પાવર પ્લેમાં મેચને પોતાની ટીમના પક્ષે ઝૂકાવવાની ક્ષમતા છે. ગંભીરે જિયોસ્ટાર પર કહ્યું કે, મને ખબર છે કે, ઘણાં લોકો આ વિષય પર વાત કરશે કે, અમે ટોપના ત્રણ ડાબોડી બેટ્સમેનોથી થઈ રહેલી સમસ્યાને કેવી રીતે ઉકેલવા માંગતા હતા. અમને લાગ્યું કે, અમે વધુ આક્રમક થવા માગીએ છીએ. કેમ કે, છેલ્લા દોઢ વર્ષથી અમારો વિચાર એ જ રહ્યો છે કે મેદાન પર જઈને જેટલું થઈ શકે એટલા આક્રમક રહીએ. ગંભીરે જણાવ્યું કે, સંજુને લાવવાનું કારણ બીજા છેડે ઓફ સ્પિનરને મેનેજ કરવાનું નહોતું. મારું માનવું છે કે, એક સારો બેટ્સમેન કોઈપણ બોલર સામે સારું રમશે. પછી તે ઓફ સ્પિનર હોય કે લેફ્ટ આર્મ સ્પિનર. આવું કરવા પાછળનું કારણ એ હતું કે અમે ટોપ પર વધુ આક્રમક રહીને પહેલી છ ઓવરમાં વધુમાં વધુ રન બનાવી શકીએ. તેઓએ કહ્યું કે અમે જાણીએ છીએ કે સંજુ શું કરી શકે છે. તેની પ્રતિભા અને રમત પર કોઈને ક્યારેય શંકા નહોતી. જો તે સારું રમે છે, તો તે તમને પહેલી છ ઓવરમાં જ મેચ જીતાવી શકે છે. વિચારો કે અભિષેક, સંજુ અને ઈશાન તમારા ટોપ ત્રણ ખેલાડી છે, અને પછી તમારી પાસે સૂર્યા, હાર્દિક, તિલક, શિવમ અને અક્ષર જેવા ખેલાડી છે, તો તેનાથી સારી વાત શું હોઈ શકે. સેમસનની પ્લેઈંગ ૧૧માં વાપસી પર વિસ્તારથી વાત કરતા ગંભીરે કહ્યું, મેં તેને જીમમાં આ અંગે વાત કરી. અમે બંને સાથે ટ્રેનિંગ કરી રહ્યા હતા. મેં તેને બસ જણાવ્યું કે તું ઝિમ્બાબ્વે સામે રમીશ, અને તેણે કહ્યું 'આવવા દો'. અમારી આ પ્રકારની વાતચીત થતી રહે છે. આવી વાતચીત અમે કોચ કે ખેલાડીના નાતે નથી કરતા, આ એક એવો સંબંધ છે જ્યાં અમારી મોટા ભાગની વાતચીત પ્રેક્ટિસ સેશન દરમિયાન આમને સામને થતી હોય છે. સેમસને પ્લેઈંગ ઈલેવનમાં વાપસી બાદ વેસ્ટઈન્ડીઝ સામે અણનમ ૯૭, સેમિફાઈનલમાં ઈંગ્લેન્ડ સામે ૮૯ અને ફાઈનલમાં ન્યૂઝીલેન્ડ સામે ૮૯ રનની ઈનિંગ રમી હતી. આમ સતત ત્રણ ઈનિંગમાં તેણે ભારતને ચેમ્પિયન બનાવતા ટુર્નામેન્ટમાં સવશ્રેષ્ઠ ખેલાડીનો ખિતાબ જીત્યો.

### સસરાએ જમાઈને ફોન કરી હત્યાની કબૂલાત કરી

## ઉત્તર પ્રદેશમાં એક વ્યક્તિ પર તેની પત્નીની હત્યાનો આરોપ

### મહિલાના સ્વજનોનો આરોપ છે કે પતિ સલીમે જ નશીલો પદાર્થ આપીને ઓશીકાથી મોઢું દબાવી હત્યા કરી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)લખનૌ

ઉત્તર પ્રદેશના સહરાનપુરમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. સહરાનપુરના રામપુર મનિહારાન પોલીસ સ્ટેશન વિસ્તારના મોહલ્લા મહેલમાં એક મહિલાનું શંકાસ્પદ સંજોગોમાં મોત થયું હતું. મૃતકની ઓળખ ૪૦ વર્ષીય શબાના તરીકે થઈ છે. મહિલાના સ્વજનોનો આરોપ છે કે પતિ સલીમે જ નશીલો પદાર્થ આપીને ઓશીકાથી મોઢું દબાવી હત્યા કરી છે. ઘટના બાદ આરોપી ફરાર છે. સૂચના મળતા જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને મૃતદેહ કબજે કરીને પોસ્ટમોર્ટમ માટે મોકલી દીધો છે.

સ્વજનોના જણાવ્યા અનુસાર, શબાનાના લગ્ન આશરે ૨૦ વર્ષ પહેલાં ગાગલહેડી પોલીસ સ્ટેશન વિસ્તારના ગામ કૈલાશપુરના રહેવાસી સલીમ સાથે થયા હતા. આરોપ છે કે લગ્ન બાદથી સલીમનું વર્તન આક્રમક હતું. તે અવારનવાર શબાના સાથે મારપીટ કરતો હતો. ઘણીવાર ઘરે આ બાબતે ચર્ચા પણ થઈ, પરંતુ સંજોગો બદલાયા નહીં. દીકરીની સુરક્ષાને ધ્યાનમાં રાખીને પરિવારે રામપુર મનિહારાનમાં જ તેના રહેવા માટે મકાન બનાવી આપ્યું, પરંતુ વિવાદ અને ત્રાસનો સિલસિલો ચાલુ રહ્યો.

મૃતકના પિતા ઈનામે કહ્યું કે, મોડી રાત્રે આશરે ૧૨:૩૦ વાગ્યે તેમના જમાઈનો કોલ આવ્યો હતો, જેમાં જણાવવામાં આવ્યું કે સલીમે ખુદ પોતાના જમાઈને ફોન કરીને કહ્યું હતું કે મેં તારી સાસુને મારી નાખી છે, ઘરવાળાઓને જણાવી દેજો. સૂચના મળતા જ પરિવારના લોકો ઘટનાસ્થળે દોડી ગયા હતા. ત્યાં પહોંચીને જોયું તો, શબાના ઘરમાં મૃત અવસ્થામાં પડી હતી અને આરોપી ફરાર હતો. પોલીસે ઘટનાસ્થળેથી ફોરેન્સિક પુરાવા એકત્ર કરી લીધા છે અને આસપાસમાં લાગેલા સીસીટીવી ફૂટેજ તપાસવામાં આવી રહ્યા છે.

સમગ્ર મામલે એસપી સિટી વ્યોમ બિંદલે જણાવ્યું છે કે, થાણા રામપુર મનિહારાન વિસ્તારમાં મોડી રાત્રે એક મહિલાનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળવાની સૂચના મળી હતી. પોલીસ અને ફોરેન્સિક ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને મૃતદેહને કબજે કરીને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. સ્વજનોનો આરોપ છે કે મૃતક મહિલાના પતિએ હત્યા કરી અને સ્વજનોને કોલ કરીને ખુદ જણાવ્યું હતું. આ સમગ્ર મામલાની તપાસ કરવામાં આવી રહી છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા પછી કારણ સ્પષ્ટ થઈ શકશે, અરજીના આધારે કાર્યવાહી કરવામાં આવી રહી છે.

મૃતક મહિલાના પિતા ઈનામે કહ્યું કે, મારી દીકરીની હત્યા થઈ છે.

અમારી પાસે ૧૨:૩૦ વાગ્યે કોલ આવ્યો હતો. મારી દીકરીના જમાઈએ કોલ કરીને જાણકારી આપી હતી. અમે તરત ત્યાં ગયા તો જોયું કે દીકરીની હત્યા કરી દેવામાં આવી હતી, હત્યા અમારા જમાઈ સલીમે જ કરી છે. જ્યારે અમે ત્યાં પહોંચ્યા તો દરવાજો ખુલ્લો હતો અને જમાઈ ફરાર હતો. તેને સજા થવી જોઈએ.

## પાળતૂ શ્વાનની અંતિમક્રિયા માટે હાઈકોર્ટે આરોપીને આપ્યા જામીન

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાત હાઈકોર્ટ એક આરોપીને વચગાળાના જામીન આપ્યા છે. આ વચગાળાના જામીન આરોપીના પાળતૂ શ્વાનની અંતિમક્રિયા માટે આપવામાં આવ્યા છે. કારણ કે, આ શ્વાન છેલ્લા ૧૪ વર્ષથી આરોપી સાથે રહ્યો હતો, તેથી આરોપીએ જાતે જ તેની અંતિમવિધિ કરવાનો નિર્ણય કર્યો હતો.

ગુજરાત હાઈકોર્ટે એક ચુકાદો આપ્યો છે, જે માનવો અને પ્રાણીઓ વચ્ચેના લાગણીસભર સંબંધોને દર્શાવે છે. મનીષ શાહ નામના આરોપીને હાઈકોર્ટે વચગાળાના જામીન આપ્યા છે, તે પણ તેના પાળતૂ શ્વાનની અંતિમક્રિયા માટે. મનીષ શાહ પોતાના પાળતૂ શ્વાનના અંતિમ સંસ્કાર પોતે જ કરવા માંગતો હતો. કારણ કે, તેણે પાળતૂ શ્વાનને ૧૪ વર્ષથી પાળતૂ શ્વાનને પરિવારના સભ્યની જેમ પાળ્યો હતો. આ લાગણીને કારણે તે પોતાના શ્વાનના અંતિમ સંસ્કારમાં હાજર રહેવા માંગતો હતો.

આ બાબતને ધ્યાનમાં રાખીને મનીષ શાહે હાઈકોર્ટ પાસે મંજૂરી માંગી હતી. જેના બાદ જસ્ટિસ ઉત્કર્ષ દેસાઈએ તેને આ મંજૂરી આપી હતી. કોર્ટે ૧૩ માર્ચ ૨૦૨૬ના રોજ આપેલા આદેશમાં જણાવ્યું કે, આરોપીને તાત્કાલિક અસરથી પોલીસ કસ્ટડીમાં સુરત સ્થિત તેના નિવાસસ્થાને લઈ જવામાં આવશે. જેથી તે પોતાના પાલતુ શ્વાનની અંતિમવિધિ કરી શકે. તેમજ આરોપી સમગ્ર સમય દરમિયાન પોલીસ કસ્ટડીમાં જ રહેશે. સાદા ડ્રેસમાં પોલીસ આરોપીને લઈ સુરત જશે, જેનો ખર્ચ સરકાર ઉઠાવશે.

કોર્ટે આદેશ આપતા કહ્યું હતું કે, આરોપીને અંતિમવિધિ પૂર્ણ કર્યા બાદ તે જ દિવસે એટલે કે ૧૩ માર્ચે રાત્રે ૮ વાગ્યા સુધીમાં ફરીથી જેલ સત્તાવાળાઓને સોંપી દેવામાં આવશે. આરોપી મનીષ શાહ સામે તેની પત્નીએ ફરિયાદ કરી હતી. જેમાં પત્નીએ ફરિયાદમા કહ્યું કે, તેણે વર્ષ ૨૦૦૦ માં ૫ લાખની વીમા પોલિસી લીધી હતી. તેને પાકતી મુદતે ૧૯.૮૭ લાખ મળવાના હતા. પરંતું તેના પતિએ મહિલાના પિતાના નામ પર વ્હાઈટનર મારીને પોતાનું નામ લખી દીધું હતુ. એટલું જ નહિ, પત્નીની ખોટી સહી કરીને રૂપિયા ઉપાડી લીધા હતા. જેના બાદ પત્નીએ કોર્ટના દરવાજા ખખડાવ્યા હતા.

પતિએ કોર્ટમાં જણાવ્યું કે, તેને મનોરોગની સારવાર ચાલી રહી છે. પતિએ ૨ લાખ રૂપિયા તેની UK સ્થિત દીકરીને મોકલ્યા હતાં. પરંતુ સુરત કોર્ટે અરજદારની જામીન અરજી ફગાવી નાખી હતી.

# સુરત મહાનગરપાલિકાના નાયબ આરોગ્ય અધિકારી ડો.અજિત ભટ્ટનું સસ્પેન્શન રદ થવા પાછળ કોઈનું દબાણ કે પછી બીજું કઈ?

**સફાઈ કામદારોની ગેરહાજરી જેવી બાબતમાં નોકરીમાંથી કાયમ માટે છૂટા કરી દેવામાં આવતા હોય ત્યારે સફાઈ કર્મચારીઓ અને ડો.અજિત ભટ્ટ સામે પગલા ભરવામાં ભેદભાવ શા માટે?**







(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સુરત નગરપાલિકા ના મ્યુ. કમિશનર તરીકે એમ.નાગરાજન ફરજ ઉપર હાજર થતાંજ શહેર ની સ્વચ્છતાને પ્રાધાન્ય આપી પોતે સફાઈ કામગીરી અંગે કડક વલણ અપનાવેલ હતું અને વહેલી સવારથી જ સફાઈ ની કામગીરી માટે જાત નિરીક્ષણ માટે નીકળી પડતાં હતાં. એવામાં સેન્ટ્રલ ઝોન ના સફાઈ કામગીરીના રાઉન્ડ દરમ્યાન અગાઉથી જાણ હોવા છતાં ડો. અજીત ભટ્ટ નાયબ આરોગ્ય અધિકારી કે તેમના હાથ નીચેના કર્મચારીઓ સ્થળ ઉપર હાજર ના રહ્યા. ડો.અજિત ભટ્ટે ફોન ઉપાડવાની પણ તસ્દી ના લીધી. જેથી મ્યુ. કમિશનરે નારાજ થઈ ડો.અજિત ભટ્ટ ને સસ્પેન્ડ કરવા નિર્ણય લીધો. સુરત મહાનગરપાલિકા ના કેટલાક અધિકારીઓ ડો. અજિત ભટ્ટ ને સસ્પેન્ડ કરવાની વિરૂધ્ધ માં હતા અને ડો.અજિત ભટ્ટને સસ્પેન્ડ કરવામાં ના આવે તે માટે ડો. ભટ્ટ નો સસ્પેન્શન ઓર્ડર આપવામાં વિલંબ કરવામાં આવેલ. સસ્પેન્શન અંગે ડો. ભટ્ટે પહેલા પ્રત્યાઘાત આપતા જણાવે છે કે હું ઝોન વિસ્તાર માં સફાઈ કામગીરી માટે ફરુ તો ઓફિસ ના કામ કોણ કરે? પરંતુ ડો.અજિત ભટ્ટ જે ઝોન માં જાય ત્યાં કર્મચારીની હાજરી ચેક કરે અને સફાઈ કર્મચારી ની પાછળ ફરી તેઓને હેરાન પરેશાન કરતાં. સફાઈ કર્મચારીને કયો વિસ્તાર આપવો વિગેરે કામગીરી ડો. અજિત ભટ્ટ કરી રહેલા છે. ત્યારે મ્યુ. કમિશનર ના આદેશ ની અવગણના કરી ડો.અજિત ભટ્ટે ફરજ પ્રત્યે ગંભીર બેદરકારી દાખવી ઉપરી અધિકારી ના આદેશનું પાલન નહીં કરી મોટી ફરજ ચૂક કરી છે. તેમ છતાં તેઓએ માંફી માંગી હોવાનું જણાવી તેમનું સસ્પેશન રદ કરવાના નિર્ણય શંકા પ્રેરે છે. મ્યુ.કમિશનરે સસ્પેન્શન હુકમ કોઈના દબાણ માં આવી રદ કરેલ છે કે બીજું કઈ જાણવુ જરૂરી છે.

# વિશ્વની ચોથી જાગીર પર થતા હુમલાઓ લોકશાહી માટે શરમજનક???

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

અખબાર જેને સામાજિક અરીસો કહેવાય છે એવા અખબાર માટે એક લેખકે લખ્યું હતું કે "સરકાર વગરનું અખબાર હોઈ શકે પણ અખબાર વગરની સરકાર ક્યારેય નહીં". કારણ કે સરકાર ગમે તે પક્ષની હોય એની સાથે અખબાર ને કોઈ નિસ્બત હોતી નથી. પરંતુ જો અખબાર જ ના હોય તો સરકારની સારા-નરસા કામોની પ્રજાને ખબર જ કેવી રીતે પડે? એટલે અખબારને વિશ્વની ચોથી જાગીર કહેવાય છે. અખબારી જગત એટલે પત્રકારત્વ જગત જેમાં પ્રિન્ટ મીડિયા હોય કે ઈલેક્ટ્રોનિક મીડિયા કેમ ના હોય? એવા પત્રકારત્વ જગત ઉપર હમણાં હમણાં ગંભીર હુમલાઓથી લઈ જાન લેવા સુધીના બનાવો બની રહ્યા છે અને એનું કારણ છે અખબારોમાં લખાતી સચ્ચાઈ અને ઈલેક્ટ્રોનિક મીડિયામાં પુરાવા સાથે સમાજને બતાવાતી હકીકત.

અહીં કોઈ એક અખબારની વાત નથી. પછી એ દૈનિક હોય, અર્ધસાપ્તાહિક હોય,સાપ્તાહિક હોય, પાક્ષિક હોય કે માસિક મેગેઝીન કેમ ના હોય? એના તમામ કર્મચારી પત્રકારોની વ્યાખ્યામાં આવતા હોય છે. જેમાં ઈલેક્ટ્રોનિક્સ મીડિયા પણ સામેલ છે. સાચા પત્રકારો આંખમાં કણાની માફક એમને જ ખૂંચે છે કે જેઓના કાળા કામોને સમાજમાં અખબારના માધ્યમથી ખુલ્લા કરાય છે અને એવા કાળા કામો કરનારાઓ પોતાના મળતિયા રાજકારણીઓના સહારો લઈ માથા ભારે તત્વોની સાથે આડકતરી રીતે પોલીસના સહકારથી સાચા પત્રકારોને મોતને ઘાટ ઉતારાવતા હોય છે.

જે પત્રકારો હુમલાનો ભોગ બનીને જાન ગુમાવતા હોય છે એવા પત્રકારો પોતાના જાનના જોખમે પરિવારથી દૂર રહી આજે પણ ખાડી દેશોમાં ચાલતા યુદ્ધના મિસાઈલો, બોમ્બ ધડાકા અને બંદુક, સ્ટેશનગન, મશીનગન ની ગોળીઓના ધાણીફૂટ અવાજો વચ્ચે જઈને પણ યુધ્ધની નાનામાં નાની બાબતથી લઈ થતા મોટા હુમલાઓના સમાચારો અને ફોટોગ્રાફો પ્રજા વચ્ચે પહોંચાડવાનું કામ કરી રહ્યા છે.

ત્યારે એવા પત્રકારો અન્ય ધંધો ના કરી શકે એવા બંધનમાં લેવાનો ફતવો રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકાર દ્વારા બહાર પડાય એ કેટલો વ્યાજબી છે? અહીં સો મણ નો સવાલ એ છે કે રાજાનો છોકરો રાજા બનતો હોય, નેતાનો છોકરો જો ભલે ગાંડા-ગગા જેવો કે લાંબી ગતાગમ કે ટેલેન્ટ ના હોય છતાં એ ઊંચા હોદ્દા પર લાયકાત ના હોવા છતાં એને ઠોકી બેસાડાતો હોય ત્યારે પત્રકારો ને માટે ફતવો કાઢી એમને બંધન માં લેવા પાછળનું કારણ શું?

એક બાજુ વિરોધીઓની પરિવારવાદથી વારંવાર એમની મજાક ઉડાડવી અને બીજી બાજુ આજ નેતાઓના દીકરા-દીકરીઓ જાણે કે વારસદાર હોય એમ એમને ઊંચા હોદ્દા પર ગોઠવી પ્રજાની આંખોમાં ધૂળ નંખાતી હોય એવા નેતાઓ સત્તા લાલચુઓથી વધુ કશું જ નથી. જ્યાં સાચા અને પુરાવા રૂપ સમાચારો જાનના જોખમે પ્રસિધ્ધ કરતા પત્રકારો હોય એવા પત્રકારો મોટા માથાઓની જ્યારે પોલ ખોલતા સમાચારો પ્રસિધ્ધ કરતાં હોય છે ત્યારે એવા પત્રકારોને મોટા માથાઓ એમના મળતિયાઓ ધ્વારા ખંડણી વસૂલી, તોડબાજ તેમજ દેશદ્રોહ જેવા ગુન્હાઓ લગાડવાઈ પોલીસની મીલી ભગત માં જેલમાં મોકલાવતા પણ પાછી પાની નથી કરતા હોતા. પત્રકારોનું કામ ત્રાજવા ના બે પલ્લા જેવું છે જેમાં નેગેટિવ અને પોઝિટિવ સમાચારો પણ પ્રસિદ્ધ કરતા હોય છે.

હવે વાત છે પત્રકારોની આવકની

હાલની આ ગૃહિણીઓ ને દઝાડતી અને આકાશને આંબતી મોંઘવારીમાં દરેક વ્યક્તિને બે છેડા ભેગા કરવા માટે પોતાના વ્યવસાયની સાથે અન્ય વ્યવસાય પણ કરવો પડે એવી પરિસ્થિતિનું નિર્માણ થયું હોય ત્યારે પત્રકાર પણ પત્રકારત્વની સાથે અન્ય કોઈ વ્યવસાય કરે કે એના સંતાનના વ્યવસાયમાં સાથ-સહકાર આપે એમાં ખોટું શું છે? જ્યારે પત્રકારને પોતાના પરિવારનો ખર્ચ કાઢવાનો હોય, એના બાળકોના શિક્ષણનો ખર્ચ હોય, ભાડાનું ઘર હોય, લાઈટ બિલ, ગેસબિલ,મેન્ટેનન્સ તેમજ પેટ્રોલથી લઈ ઘરની તમામ જવાબદારી નિભાવવાની હોય ત્યારે એના ટૂંકા પગારથી એનો ખર્ચ પરવડે નહીં આથી અન્ય વ્યવસાય કરે તો એમાં ખોટું શું છે?

જ્યારે મોટા કેબિનેટ મંત્રીઓ, આઈ.પી.એસ, આઈ.એસ અધિકારીઓ, રિટાયર્ડ અધિકારીઓ સહિત સત્તાધારીઓ અને ભૂતપૂર્વ મંત્રીઓ એ પણ પોતાના સગા સંબંધીઓ, વિશ્વાસુ મિત્રો પરિવારના સંતાનોના નામે જાણીતા બિલ્ડરો સાથે ભાગીદારી કરી શકતા હોય ઉપરાંત એમને સરકારી પગાર ભથ્થાની સાથે સાથે અઢળક આવક પણ થતી હોય એ સાથે મોટા મોટા પ્રોજેક્ટ માં રોકાણ, શો રૂમોમાં રોકાણ, જમીનોમાં રોકાણ, બાંધકામોમાં રોકાણ, એમના રાઈઝીંગ કરનારાઓ ના માધ્યમથી થતા હોય ત્યારે પત્રકારો સાઈડ ઈન્કમ કરે કે કોઈ નાનો- મોટો વ્યવસાય કરી પરિવારનું ભરણ પોષણ કરવા સાથે સમાજના અરીસા રૂપ અખબારી જગત ને ધબકતું રાખવાનું ભગીરથ કાર્ય કરતો હોય તો એમાં કયો મોટો ગુન્હો બને છે? એ સત્તાધારી શાસકોને કોણ સમજાવશે?

પોલિયો મુક્ત ગુજરાતની સિદ્ધિને ટકાવી રાખવા માટે વર્ષ ૨૦૨૫માં ૨૪.૬૫ લાખ બાળકોને પોલિયોના ટીપાં પીવડાવવામાં આવ્યા

# રાષ્ટ્રીય રસીકરણ દિવસઃ ગુજરાતે વર્ષ ૨૦૨૫-૨૬માં ૧૧.૩૦ લાખથી વધુ શિશુઓ અને ૨૪ લાખથી વધુ બાળકોનું સફળ રસીકરણ કરીને રેકોર્ડ બનાવ્યો

"ટીકા એક્સપ્રેસ", "મોબાઈલ મમતા દિવસ" અને "ખિલખિલાટ વાહન" જેવા માધ્યમોના કારણે અંતરિયાળ વિસ્તારોમાં રસીકરણ શક્ય બન્યું

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ હંમેશા માતા અને શિશુ આરોગ્યને રાષ્ટ્રીય પ્રાથમિકતા આપી છે. તેમના આ વિઝનને અનુરૂપ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર આ ક્ષેત્રમાં અભૂતપૂર્વ કાર્ય કરી રહી છે. રાજ્યમાં 'સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ' સુદ્રઢ બન્યો છે, જેથી માતાઓ અને બાળકોને સુરક્ષાનું એક વ્યાપક કવચ મળી રહ્યું છે. ગુજરાત સરકારની આ નિરંતર અને અસરકારક પહેલોના પરિણામે, વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન ૧૧.૩૦ લાખથી વધુ શિશુઓ અને ૨૪ લાખથી વધુ બાળકોનું સફળતાપૂર્વક રસીકરણ કરવામાં આવ્યું છે.

સ્વસ્થ બાળપણ, સુરક્ષિત ભવિષ્યઃ ગુજરાતના રાજ્યવ્યાપી અભિયાનના પ્રોત્સાહક પરિણામો જોવા મળ્યા

ગુજરાતના સાર્વત્રિક રસીકરણ અભિયાન હેઠળ એપ્રિલથી ફેબ્રુઆરી (૨૦૨૫-૨૬) દરમિયાન રાજ્યમાં એક વર્ષ સુધીના ૧૧ લાખ ૩૦ હજારથી વધુ શિશુઓને સંપૂર્ણ રસીકરણ કવરેજ આપવામાં આવ્યું હતું. આ સમયગાળા દરમિયાન, ૧૧ લાખ ૯૪ હજારથી વધુ બાળકોને બીસીજી રસી, ૧૧ લાખ ૫૯ હજાર બાળકોને પેન્ટાવેલેન્ટ (ડીપીટી-હેપેટાઈટિસ-બી-હિબ) રસી અને ૧૧ લાખ ૨૪ હજાર બાળકોને ઓરી-રુબેલા રસી આપવામાં આવી હતી.

તેવી જ રીતે, શિક્ષણ અને આરોગ્ય વિભાગના સંકલનથી શાળા અને બાલવાટિકા આધારિત રસીકરણ અભિયાન પણ શરૂ કરવામાં આવ્યું હતું. આ અભિયાન હેઠળ ૧૦ અને ૧૬ વર્ષના વિદ્યાર્થીઓને શાળાઓમાં રસી આપવામાં આવી, જ્યારે વર્ષ ૨૦૨૫માં ૫ વર્ષના બાળકોને બાલવાટિકાઓમાં ડીપીટીનો બીજો ડોઝ આપવામાં આવ્યો. આ બંને શ્રેણીઓમાં છેલ્લા એક વર્ષમાં ૨૪ લાખથી વધુ બાળકોનું સફળતાપૂર્વક રસીકરણ કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત, ૨૦૦૭થી ગુજરાતની પોલિયો મુક્ત રાજ્યની સિદ્ધિને ટકાવી રાખવા માટે વર્ષ ૨૦૨૫માં પણ રાજ્ય સરકાર દ્વારા ૧૪ જિલ્લાઓમાં વિશેષ અભિયાન ચલાવીને ૦ થી ૫ વર્ષની વયના ૨૪.૬૫ લાખ બાળકોને પોલિયોના ટીપાં પીવડાવવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકાર "ટીકા એક્સપ્રેસ," "મોબાઈલ મમતા દિવસ" અને "ખિલખિલાટ વાહન"ના માધ્યમથી રસીકરણની આ વિવિધ પહેલોને લાગુ કરે છે, જેના માધ્યમથી રસીકરણની સેવાઓ અંતરિયાળ વિસ્તારો સુધી પણ પહોંચાડવામાં આવી રહી છે.

"સ્વસ્થ નારી, સશક્ત પરિવાર" પખવાડિયુંઃ ૩.૫૦ લાખથી વધુ બાળકો અને ૧.૨૪ લાખથી વધુ મહિલાઓનું સફળ રસીકરણ

સ્વસ્થ મહિલા-સશક્ત સમાજના મંત્રને ચરિતાર્થ કરવા માટે, રાજ્ય સરકારે ૧૭ સપ્ટેમ્બરથી ૨ ઑક્ટોબર ૨૦૨૫ સુધી યોજાયેલા "સ્વસ્થ નારી, સશક્ત પરિવાર" પખવાડિયા દરમિયાન માતા અને બાળ સ્વાસ્થ્ય પર કેન્દ્રિત એક ખાસ રસીકરણ અભિયાન શરૂ કર્યું. આ અંતર્ગત ૩ લાખ ૫૮ હજારથી વધુ બાળકો અને ૧ લાખ ૨૪ હજારથી વધુ સગર્ભા સ્ત્રીઓને રસી આપવામાં આવી. આ ઉપરાંત, સગર્ભા સ્ત્રીઓને એન્ટીનેટલ (પ્રસૂતિ પહેલાંની) તપાસ દરમિયાન ટેટનસ-ડિપ્થેરિયા રસી, જ્યારે બાળકોને **BCG,** પેન્ટાવેલેન્ટ, ઓરી-રુબેલા, ન્યૂમોકોકલ, ઈન્જેક્ટેબલ પોલિયો, ઓરલ પોલિયો અને રોટાવાયરસની રસીઓ આપવામાં આવી.

રાષ્ટ્રીય રસીકરણ દિવસ ૨૦૨૬: ગુજરાત સરકાર ઓરી-રુબેલા નાબૂદી માટે શરૂ કરશે ખાસ અભિયાન

રાષ્ટ્રીય રસીકરણ દિવસ (૧૬ માર્ચ, ૨૦૨૬) નિમિત્તે, ગુજરાત ઓરી-રુબેલા નાબૂદી માટે એક દિવસીય સઘન અભિયાન શરૂ કરવા જઈ રહ્યું છે. રાજ્ય સરકારના આરોગ્ય વિભાગે વેક્સિન પ્રિવેન્ટેબલ ડિસીઝ સર્વેલન્સ ઈન્ફર્મેશન મેનેજમેન્ટ સિસ્ટમ **(VSIMS)** અને ઈન્ટિગ્રેટેડ ડિસીઝ સર્વેલન્સ પ્રોગ્રામ **(IDSP)** પોર્ટલમાંથી પ્રાપ્ત રિયલ-ટાઈમ ડેટાના આધારે ઉચ્ચ જોખમ ધરાવતા ક્ષેત્રોની પણ ઓળખ કરી છે. ઔદ્યોગિક વિસ્તારો અને સરહદી જિલ્લાઓમાં રહેતા અન્ય રાજ્યોના બાળકો પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરીને, ૯ માસથી ૧૦ વર્ષની વયના બાળકોનું સંપૂર્ણ રસીકરણ સુનિશ્ચિત કરવાનો લક્ષ્યાંક છે.

૨૮ ફેબ્રુઆરીથી ગુજરાતમાં રાષ્ટ્રવ્યાપી **HPV** રસીકરણ અભિયાનનો અસરકારક અમલ

તાજેતરમાં ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરવામાં આવેલા રાષ્ટ્રવ્યાપી **HPV** (હ્યુમન પેપિલોમા વાયરસ) રસીકરણ અભિયાનને પણ ગુજરાત અસરકારક રીતે આગળ ધપાવી રહ્યું છે. દીકરીઓને કોઈપણ પ્રકારની આરોગ્ય સમસ્યાઓનો સામનો ન કરવો પડે તે માટે રાજ્ય સરકાર તમામ સુરક્ષા પ્રોટોકોલનું કડક પાલન કરી રહી છે, જેમાં રસીકરણ પહેલાં ખાલી પેટ ન હોવું અને રસીકરણ પછી ૩૦ મિનિટ સુધી અવલોકન સુનિશ્ચિત કરવામાં છે. આ અભિયાન ૧૪થી ૧૫ વર્ષની વય ધરાવતી કિશોરીઓને ધ્યાનમાં રાખીને અમલમાં મૂકવામાં આવ્યું છે. ખાનગી ક્ષેત્રમાં આ રસીની કિંમત રૂા.૩,૦૦૦થી રૂા.૫,૦૦૦ સુધીની છે, જેને રાજ્ય સરકાર પાત્ર કિશોરીઓને નિઃશુલ્ક આપી રહી છે. ભારત સરકારની આ પહેલ કિશોરીઓને સર્વાઈકલ કેન્સરથી સુરક્ષા આપવાની દિશામાં મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

# રાજ્યની પૂર્વ પટ્ટીના બે આદિવાસી જિલ્લાઓને એક જ દિવસમાં રૂ. ૧૧૦૦ કરોડના વિવિધ વિકાસ કામો મળ્યા

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના પૂર્વ પટ્ટીના બે આદિવાસી જિલ્લાઓ પંચમહાલ અને દાહોદ માં એક જ દિવસમાં ૧૧૦૦ કરોડ રૂપિયાના વિવિધ વિકાસ કામોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત સંપન્ન કર્યા હતા. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વંચિતોને વરિયતાના કાર્યમંત્ર સાથે આદિવાસીઓના સર્વગ્રાહી વિકાસના આપેલો વિચાર ગુજરાતમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં સાકાર થઈ રહ્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ આ સંદર્ભમાં પંચમહાલ જિલ્લામાં ૭૩૨ કરોડ રૂપિયાના ૧૧૨ કામો તથા દાહોદ જિલ્લામાં ૩૬૭ કરોડ રૂપિયાના ૧૨૦૦થી વધુ કામોની ભેટ આદિજાતિ પરિવારોને આપી હતી.

શ્રી ભૂપેન્દ્ર પટેલે પંચમહાલ જિલ્લાના શહેરા, ગોધરા, કાલોલ અને ઘોઘંબાના ૭૯ ગામોના ૧૩૦ તળાવમાં પાનમ જળાશયનું પાણી પહોંચાડવાની અંદાજે રૂપિયા ૪૦૬ કરોડની ઉદવવહન સિંચાઈ પાઈપલાઈન યોજનાનું લોકાર્પણ કર્યું હતું. આ યોજનાના પરિણામે અંદાજે ૮૬ હજાર હેક્ટર વિસ્તારને સિંચાઈની સુવિધા મળતી થશે. પાનમ જળાશયમાંથી આ હેતુસર ૨૩૬ ફૂટ ઊંચાઈથી પાણી લિફ્ટ કરીને ૨૦૫ કિલોમીટર લાંબી વિતરણ પાઈપલાઈન મારફતે વહેવડાવવામાં આવશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પાણીને જ વિકાસનો મુખ્ય આધાર ગણવાતા આ અવસરે કહ્યું કે, રાજ્યના અંબાજીથી ઉમરગામ સુધીના આદિવાસી બેલ્ટમાં અત્યાર સુધીમાં રૂ. ૩૧૬૦ કરોડના ખર્ચે ૧૧ ઉદવાહન સિંચાઈ યોજનાથી ૨ લાખ ૨૩ હજાર એકર જમીનને સિંચાઈ સુવિધા પૂરી પાડવામાં આવી છે.

તેમણે ઉમેર્યું કે, રાજ્ય સરકારના આ વર્ષના ૪ લાખ કરોડ રૂપિયાના ઐતિહાસિક બજેટમાં પણ આદિવાસી વિસ્તારોમાં સિંચાઈની સગવડ આપવા ૪૮૫ કરોડ રૂપિયાની જોગવાઈ લિફ્ટ ઈરિગેશન માટે સુનિશ્ચિત કરી છે.

એટલું જ નહિ, છોટાઉદેપુર, દાહોદ અને પંચમહાલ જિલ્લામાં નર્મદા આધારિત લિફ્ટ ઈરિગેશનથી ૧૮ તાલુકાઓના ૫૧,૪૮૦ હેક્ટર જમીન વિસ્તારમાં ખેડૂતોને સિંચાઈ માટે પાણી પૂરું પાડવાનું પ્રાવધાન કર્યું છે. તેમણે પંચમહાલ અને દાહોદ જિલ્લાઓમાં મુખ્યત્વે આરોગ્ય, શિક્ષણ, રોડ નેટવર્ક, પાણીની સુવિધાના વિકાસ કામોની ભેટ આપી હતી. વડાપ્રધાનશ્રીએ જાહેર કરેલા આકાંક્ષી જિલ્લાઓ-એસ્પિરેશનલ ડિસ્ટ્રિક્ટમાં સમાવેશ થયેલા દાહોદ જિલ્લાને વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતના નિર્માણમાં લીડ લેનારો ઈન્સ્પિરેશનલ ડિસ્ટ્રિક્ટ બનવાનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આહવાન કર્યું હતું.

આ લોકાર્પણ અને ખાત મુહુર્ત અવસરે મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા, રાજ્ય મંત્રીશ્રી રમેશભાઈ કટારા અને પી. સી. બરંડા, સાંસદશ્રી રાજપાલસિંહ જાદવ, શ્રી જશવંતસિંહ ભાભોર, રાજ્યસભા સાંસદશ્રી ડૉ. જસવંતસિંહ પરમાર, બંને જિલ્લાના ધારાસભ્યોશ્રીઓ, સ્થાનિક પદાધિકારીઓ, બંને જિલ્લાના કલેક્ટરશ્રીઓ સહિતના વહીવટીતંત્રના ઉચ્ચ અધિકારીઓ તેમજ વિશાળ સંખ્યામાં આદિજાતિ પરિવારો સહભાગી થયા હતા.

રાજ્યના ગુપ્તચર વિભાગમાં ભ્રષ્ટાચારનો સડો?

# સીનિયર ઈન્ટેલિજન્સ ઓફિસર લાંચ લેતા ACBની ઝપેટમાં

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

ગાંધીનગરના સરગાસણ વિસ્તારમાં આજે(૧૫ માર્ચ) એન્ટી કરપ્શન બ્યુરો દ્વારા ગોઠવવામાં આવેલા એક છટકામાં સ્ટેટ ઈન્ટેલિજન્સ બ્યુરોમાં ફરજ બજાવતો એક અધિકારી લાંચ લેતા રંગેહાથ ઝડપાયો છે. સાણંદ સેન્ટરના સિનિયર ઈન્ટેલિજન્સ ઓફિસર કેતન ગીરીશભાઈ દવેએ એક જાગૃત નાગરિકના પોલીસ પ્રોટેક્શનને રીન્યુ કરવા માટે પોઝિટિવ અભિપ્રાય આપવાના બદલામાં ૮૦,૦૦૦ રૂપિયાની માંગણી કરી હતી, જે રકમ સ્વીકારતા જ **ACB**ની ટીમે કેતનને દબોચી લીધો હતો. ગુજરાતમાં આ કદાચ **IB**નો પ્રથમ **PI** હશે જે લાંચ લેતા **ACB**ના હાથે ઝડપાયો હોય.

આ કેસની વિગત એવી છે કે, ફરિયાદીને અગાઉથી જ પોલીસ પ્રોટેક્શન મળેલું હતું. આ પ્રોટેક્શનની મુદત વધારવા એટલે કે રીન્યુ કરાવવા માટે ફરિયાદીએ વિધિવત અરજી કરી હતી. આ સરકારી પ્રક્રિયાના ભાગરૂપે આરોપી કેતન દવેએ આ અરજી પર સકારાત્મક અભિપ્રાય મોકલી આપવા માટે ફરિયાદી પાસે નાણાંની માંગ કરાઈ હતી.

આ દરમિયાન ગાંધીનગરના સરગાસણ ચોકડી પાસે આવેલા સૌરાષ્ટ્ર ગાંઠીયા રથની સામે રોડ પર જ્યારે ફરિયાદી પોતાની ગાડીમાં હાજર હતા, ત્યારે આરોપી કેતન ત્યાં પહોંચ્યો હતો. બાદમાં ગાડીની અંદર જ આરોપીએ ફરિયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી લાંચની રકમ સ્વીકારી હતી. જેવી આરોપીએ ૮૦,૦૦૦ની રકમ હાથમાં લીધી તેવી જ વોચમાં રહેલી **ACB**ની ટીમ ત્રાટકીને તેને રંગેહાથ પકડી લીધો હતો. વધુમાં સૂત્રો એ ઉમેર્યું કે, કેતન દવેને ડીવાયએસપીનું પ્રમોશન પણ આવવાનું હતું. જેનું મેરીટમાં બીજા ક્રમાંકે નામ છે. કેતન દવે ગાંધીનગરના સરગાસણ ટીપી ૯ ખાતેની એક સોસાયટીમાં પરિવાર સાથે રહે છે. જેણે લાંચની રકમ પોતાના ઘર નજીકના વિસ્તારમાં જ સ્વીકારી હતી.

# ગુજરાતના ૨૦થી વધુ જિલ્લામાં ત્રણ દિવસ કમોસમી વરસાદનું એલર્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાતમાં ગરમીનો પારો વધી રહ્યો છે, તેવામાં હવામાન વિભાગે રાજ્યમાં માવઠાની આગાહી છે. હવામાન વિભાગ(**IMD**) અનુસાર, આગામી ૧૮થી ૨૦ માર્ચ દરમિયાન અનેર જિલ્લામાં મેઘગર્જના સાથે હળવો કમોસમી વરસાદ પડી શકે છે.

**IMD** અનુસાર, આગામી ૧૮ માર્ચના રોજ સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના ૭ જિલ્લામાં માવઠાની આગાહી છે. જેમાં કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, મોરબી, જામનગર, દેવભૂમિ દ્વારકા જિલ્લાના છૂટાછવાયા સ્થળે ગાજવીજ સાથે હળવાથી મધ્ય કમોસમી વરસાદને લઈને યલો એલર્ટ જાહેર કર્યું છે.

૧૯ માર્ચે ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં કમોસમી વરસાદને લઈને યલો એલર્ટ જાહેર કર્યું છે. આ દિવસે કચ્છ, મોરબી, સુરેન્દ્રનગર, જામનગર, રાજકોટ, બોટાદ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, વડોદરા, છોટા ઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, ડાંગ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ મેઘગર્જના સાથે માવઠાની આગાહી છે.

ભારે પવન ફૂંકાવવાની શક્યતા

૧૮-૧૯ માર્ચ દરમિયાન કમોસમી માવઠાની સાથે આ જિલ્લાઓમાં ૪૦-૫૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવવાની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

૨૦ માર્ચે ૬ જિલ્લામાં માવઠાની આગાહી

૨૦ માર્ચના રોજ કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર અને દાહોદ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવા કમોસમી વરસાદની આગાહી છે. રાજ્યમાં માવઠાની સ્થિતિને પગલે ખેડૂતોમાં ચિંતા છવાઈ છે.

ફૂડ વિભાગ-પોલીસના સપાટાથી ભેળસેળિયાઓમાં ફફડાટ

# અમરેલીમાં ફરી કૌભાંડઃ ઈંગોરાળામાંથી ઝડપાયું ૨૨૦ લીટર નકલી દૂધ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમરેલી

અમરેલી જિલ્લામાં લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરવાનું વધુ એક મોટું અને ગંભીર કૌભાંડ સામે આવ્યું છે. ખાંભા તાલુકાના ઈંગોરાળા ગામમાં ફૂડ વિભાગ અને પોલીસે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને પરા વિસ્તારના એક મકાનમાંથી ૨૨૦ લીટર શંકાસ્પદ નકલી દૂધનો જથ્થો ઝડપી પાડ્યો છે. આ દરોડા દરમિયાન દૂધ બનાવવા માટે વપરાતો ૨૦૦ કિલોથી વધુ પાઉડર અને વનસ્પતિ તેલ પણ મળી આવતાં તંત્ર ચોંકી ઉઠ્યું હતું. મોડી રાત્રે કાર્યવાહી કરતા ફૂડ વિભાગે નકલી દૂધના સેમ્પલ લઈને સ્થળ પર જ ૨૨૦ લીટર દૂધનો નાશ કર્યો છે અને પોલીસે આ મામલે જાણવાજોગ ફરિયાદ નોંધીને કાયદેસરની તપાસ શરૂ કરી દીધી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, અમરેલીના ઈંગોરાળા ગામના પરા વિસ્તારમાં કેટલાક શખ્સો નકલી દૂધ બનાવવાનો કાળો કારોબાર ચલાવતા હોવાની તંત્રને પાકી બાતમી મળી હતી. આ માહિતીના આધારે ખાંભા પોલીસ અને ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમે રાજુ રબારી અને રાણા ભરવાડ નામના શખ્સોના તબેલા તેમજ રહેણાંક મકાનમાં ઓચિંતા દરોડા પાડ્યા હતા. દરોડા દરમિયાન તપાસ કરતા અધિકારીઓને ત્યાંથી ૨૨૦ લીટર જેટલું શંકાસ્પદ નકલી દૂધ મળી આવતા ભેળસેળનું આખું કૌભાંડ ખુલ્લું પડી ગયું હતું. આ શખ્સો થોડા રૂપિયાના લાલચમાં લોકોના અને ખાસ કરીને બાળકોના આરોગ્ય સાથે ગંભીર રમત રમી રહ્યા હતા. પોલીસ અને ફૂડ વિભાગની ટીમને સ્થળ પરથી ૨૦૦ કિલોથી પણ વધારે મિલ્ક પાઉડર અને વનસ્પતિ તેલનો મોટો જથ્થો મળી આવ્યો હતો, જેનો ઉપયોગ આ શંકાસ્પદ નકલી દૂધ બનાવવા માટે થતો હોવાનું સ્પષ્ટ જણાઈ રહ્યું હતું.

મોડી રાત્રે ચાલેલી આ સઘન કાર્યવાહીમાં ફૂડ વિભાગે તરત જ શંકાસ્પદ દૂધના સેમ્પલ લીધા હતા અને તેને યોગ્ય ચકાસણી (પૃથ્થકરણ) માટે લેબોરેટરીમાં મોકલી આપ્યા છે. આ ઝેરી સમાન દૂધ લોકોના ઘરમાં ન પહોંચે અને કોઈનો જીવ જોખમમાં ન મુકાય તે માટે તંત્રએ ૨૨૦ લીટર શંકાસ્પદ દૂધનો સ્થળ પર જ નાશ કરી દીધો હતો.

હાલમાં ફૂડ વિભાગે દૂધ બનાવવા માટે રખાયેલો મિલ્ક પાઉડર અને વનસ્પતિ તેલનો તમામ મુદામાલ જપ્ત કરી લીધો છે. સમગ્ર મામલાની ગંભીરતાને જોતા ખાંભા પોલીસે જાણવાજોગ ફરિયાદ નોંધી લીધી છે. હવે પોલીસ એ દિશામાં વધુ તપાસ કરી રહી છે કે આ નકલી દૂધ રોજ ક્યાં-ક્યાં સપ્લાય થતું હતું અને આ નેટવર્કમાં તેમની સાથે બીજા કોના-કોના તાર જોડાયેલા છે.

# ટ્રકચાલકે બાઈકને અડફેટે લીધું, બેના મોત, એક ગંભીર

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરાના ફાજલપુર ગામ નજીક નેશનલ હાઈવે નંબર ૪૮ પર ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. પૂરપાટ ઝડપે આવતા એક ટ્રકચાલકે બાઈકને પાછળથી જોરદાર ટક્કર મારતા બાઈક પર સવાર ત્રણ પૈકી બે લોકોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યાં છે. અકસ્માત એટલો ભયાનક હતો કે મૃતકોના શરીરના અંગો હાઈવે પર વિખેરાઈ ગયા હતા. મળતી માહિતી અનુસાર, અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે પર ફાજલપુર ગામ પાસેથી એક બાઈક પર ત્રણ લોકો પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન પાછળથી બેફામ ગતિએ આવતા ટ્રકે બાઈકને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર વાગતા જ બાઈક સવાર ત્રણેય રોડ પર પટકાયા હતા.

૨૩ એપ્રિલે ઉમરેઠમાં મતદાન થશે

# ગુજરાતમાં ચૂંટણીનો શંખનાદ વાગ્યો, ઉમરેઠની પેટાચૂંટણીની તારીખ જાહેર

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

૫ રાજ્યોની વિધાનસભા ચૂંટણીની તારીખો જાહેર થઈ ગઈ છે. પશ્ચિમ બંગાળમાં, કેરળ, આસામ, તમિલનાડુ અને પુડુચેરીમાં ચૂંટણીની તારીખો આવી ગઈ છે. તો પાંચેય રાજ્યોના ચૂંટણી પરિણામ ૪મેના રોજ આવશે. આ સાથે ગુજરાતની એક બેઠક પર પેટાચૂંટણીની જાહેરાત પણ થઈ ગઈ છે. **MLA** ગોવિંદ પરમારના નિધનથી ખાલી પડેલી ઉમરેઠ બેઠક પર પેટાચૂંટણી યોજાશે.

આણંદની ઉમરેઠ બેઠક પર પેટાચૂંટણી યોજાશે. ૨૩ એપ્રિલે ઉમરેઠમાં મતદાન થશે. તો ૪ મેએ મતગણતરી થશે. **MLA** ગોવિંદ પરમારના નિધનથી આ બેઠક ખાલી પડી હતી. ૩૦ માર્ચે ચૂંટણીનું નોટિફિકેશન જાહેર કરાશે. ૬ એપ્રિલ સુધી ભરી શકાશે ઉમેદવારી ફોર્મ.૯ એપ્રિલ સુધી ઉમેદવારી પરત ખેંચી શકાશે.

આ મહિનાના પ્રથમ સપ્તાહમાં આણંદ જિલ્લાના ઉમરેઠ વિધાનસભા બેઠક પર ભાજપના ધારાસભ્ય ગોવિંદ પરમારનું હૃદયરોગના હુમલા બાદ નિધન થયું હતું. ગોવિંદભાઈ પરમાર લાંબા સમયથી બીમાર હતા. તેમની સારવાર પણ ચાલી રહી હતી. આ વચ્ચે તેમને હાર્ટ એટેક આવતા આણંદની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જો કે, ડોક્ટરોના તમામ પ્રયાસો છતાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નીપજ્યું હતું. ગોવિંદભાઈ પરમાર જમીન સાથે જોડાયેલા ભાજપના મધ્ય ગુજરાતમાં મજબૂત નેતા ગણાતા હતા. તેમની રાજકીય કારકિર્દી પ્રભાવશાળી રહી છે. તેઓ છેલ્લી બે ટર્મ ૨૦૧૭ અને ૨૦૨૨થી ભારતીય જનતા પાર્ટીની ટિકિટ પર ઉમરેઠ બેઠક પરથી સતત ચૂંટાઈ રહ્યા હતા. ગોવિંદભાઈ પરમાર લાંબા સમયથી ભાજપ સાથે જોડાયેલા હતા. તેમજ ગોવિંદભાર પરમાર સહકારી ક્ષેત્રમાં પણ સક્રિય હતા. અગાઉ તેઓ રાજપા સરકારમાં મંત્રી પણ રહી ચૂક્યા છે. સ્થાનિક સ્તરે સહકારી ક્ષેત્ર અને સંગઠનમાં તેમનું મોટું પ્રભુત્વ હતું.